## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨-૦૯-૨૦૧૭ ને મંગળવારના રોજ સાંજના ૧૬.૦૦ કલાકે મળેલ ૨૩૩ મી બેઠકની કાર્યવાહી નોંધ.

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી,<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | અધ્યક્ષશ્રી |
| ૨ | અધ્યક્ષશ્રી,<br>સ્થાયી સમિતિ<br>વડોદરા મહાનગર સેવાસદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| ૩ | પ્રમુખશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત<br>વડોદરા | : | સભ્યશ્રી |
| ૪ | મુખ્ય નગર નિયોજકશ્રી,<br>ગુજરાત રાજય<br>ગાંધીનગર | : | સભ્યશ્રી |
| ૫ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૧૦/૦૫/૨૦૧૭ ની ૨૩૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા૧૦/૦૫/૨૦૧૭ ની ૨૩૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૧૦૦૪/૨૦૧૭ તા.૨૦/૦૫/૨૦૧૭ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા ચર્ચા વિચારણા ના અતે નીચે મુજબ ઠરાવવામા આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૨૯) : સત્તામંડળની તા૧૦/૦૫/૨૦૧૭ ની ૨૩૨મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી** આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની તા.૩૦/૦૩/૨૦૧૭ ની ૨૩૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૩૦/૦૩/૨૦૧૭ ની ૨૩૧** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૦) :** સત્તામંડળની **તા.૩૦/૦૩/૨૦૧૭ ની ૨૩૧** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૩) : મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડો.એન.કે.મીના (આઈએએસ) ને ચાર્જ એલાઉન્સ આપવા બાબત.**

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાક એ.આઈ.એસ./૩૫/૨૦૧૫/૧૪/જી, તા.૧૨/૦૬/૨૦૧૫ થી વડોદરા મહાનગર પાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ડો. એન.કે.મીના (આઈ.એ.એસ)ને વડોદરા શહેરી વિકાસ સત્તામડળની કચેરીના મુખ્ય કારોબારી અધિકારી તરીકેનો હવાલો તા.૧૮/૦૬/૨૦૧૫ થી સંભાળેલ છે.

વડોદરા મહાનગર પાલિકાના વહીવટી અધિકારીશ્રીના તા.૨૩-૦૫-૨૦૧૭ ના પત્ર ન.સા.વ.વિ.જા.ન.૭૫૬/૨૦૧૭-૧૮ થી ડો.એન.કે.મીનાને ચાર્જ એલાઉન્સ મળવા અંગેની વિગતો પુરી પાડવમાં આવેલ છે. શ્રી ડો.એન.કે.મીનાને ચાર્જ એલાઉન્સ મળવા બાબતે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સ્વાયત સંસ્થા હોય, આગામી વુડા બોર્ડ બેઠકની મંજુરીની અપેક્ષાએ તા.૧૮/૦૬/૨૦૧૫ થી ૧૨ માસ માટે ચાર્જ એલાઉન્સ મંજુરી કરી તેનુ ચુકવણુ કરવામાં આવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામા આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૧) :** ર્ડા.એન.કે.મીના(આઈ.એ.એસ)ને વડોદરા શહેરી વિકાસ સત્તામડળની કચેરીના મુખ્ય કારોબારી અધિકારી તરીકેનો હવાલો સંભાળ્યા બદલ તા.૧૮-૦૬-૨૦૧૫ થી ૧૨-માસ માટે ચૂકવેલ ચાર્જ એલાઉન્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૪) : સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૧૭ થી જુન-૨૦૧૭ સુધીના માસિક હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૧૭ થી જુન-૨૦૧૭ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાવતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૨) :** સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૧૭ થી જુન-૨૦૧૭ સુધીના આવક તથા જાવકના માસિક હિસાબોને સર્વાનુ મતે બહાલીઆપવામાં આવી.

**મુદદા નંબર (૫) સત્તામંડળના સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત**

સત્તામંડળનો સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૩)** : સત્તામંડળના સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલીઆપવામાં આવી.

**મુધ્દા નંબર (૬ ) : મોજે નાગરવાડાના રે.સ.નં. ૧૦૯ વાળી જમીનમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ રીઝર્વેશન રદ કરી ઝોન નકકી કરવા બાબત.**

મોજે નાગરવાડાના રે.સ.નં.૧૦૯ વાળી જમીન વુડાની મંજુર પ્રથમ વિકાસ યોજના (૧૯૮૪) માં એમ.અસ.યુનીવર્સીટી માટે બોટનીકલ ગાર્ડનના રીઝર્વેશન તરીકે દર્શાવેલ હતી.જે રીઝર્વેશન વુડાની મંજુર પ્રથમ પુનરાવર્તીત વિકાસયોજના (૧૯૯૬) માં પણ ચાલુ રાખેલ હતુ.ત્યારબાદ વુડાની મંજુર અને હાલ અમલી ધ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં પબ્લીક ઈન્ડસ્ટીટયુશનલ યુઝ ફોર એમ.એસ.યુ. તરીકે દર્શાવેલ છે.આમ છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ સમયથી સવાલવાળી જમીન રીઝર્વેશન તરીકે દર્શાવેલ છે. જેમાં સંપાદક સંસ્થા એમ.એસ.યુનિવર્સીટી ધ્વારા સંપાદનની કાર્યવાહી થયેલ નથી. આ જમીનમાં રીઝર્વેશન બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ સ્પે.સી.એ.નં.૨૮૨૭/૧૯૯૮ માં તા.૨૧/૧૨/૨૦૧૫ ના રોજ આવેલ ચુકાદા મુજબ સંપાદક સંસ્થા એમ.એસ.યુનીવર્સીટીને ૧૨ મહિનામાં સવાલવાળી જમીન સંપાદન કરવાની થતી હતી. પરંતુ તા.૨૦/૧૨/૨૦૧૬ ના ૧૨ મહિનાનો સમય પુર્ણ થતા સુધીમાં જમીન સંપાદન થયેલ ન હોઈ જમીન માલીકશ્રી ધ્વારા મીસેલીનીયસ સીવીલ એપ્લીકેશન(ફોર કન્ટેમ્પ્ટ) નં.૫૪૫ એફ.૨૦૧૭ ઈન સ્પે.સી.એ.નં. ૨૮૨૭/૧૯૯૮ દાખલ કરવામાં આવેલ છે. જેની વિગતે સવાલવાળી જમીનમાં ૧૨ માસમાં સંપાદનની પ્રક્રિયા થયેલ ન હોઈ વિકાસ યોજનામાં રાખેલ રીઝર્વેશન રદ થયેલ ગણાય, આ સંજોગોમાં સવાલવાળી જમીનમાં કાયદાની કલમ ૧૯ હેઠળ કાર્યવાહી કરવાની થતી હોવાથી હાઈકોર્ટના ચુકાદાની વિગતે સવાલવાળી જમીનમાં વુડાની આખરી વિકાસ યોજનામાં દર્શાવેલ પબ્લીક ઈન્સ્ટીટયુશનલ યુઝ ફોર એમ.એસ.યુ. ને રદ કરી લાગુ ઝોનમાં ઝોનફેર કરવાની બાબત તા.૩૦/૦૩/૨૦૧૭ ના રોજ થયેલ વુડા બોર્ડ બેઠક નં.૨૩૧ માં ઠરાવ નં.૨૪૦૪થી હાઈકોર્ટના ચુકાદાની વિગતે સવાલવાળી જમીનમાં રીઝર્વેશન રદ થયેલ ગણાય, પરંતુ આ જમીનમાં નવીન ઝોન નકકી કરવા બાબતે પ્રવર્તમાન વિકાસ યોજના પુનરાવર્તીત કરવાના જે તે તબકકે વિગતવાર અભ્યાસ કરી નિર્ણય લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ હતુ.જે ઠરાવની વિગતે હાઈકોર્ટના કન્ટેમ્પ્ટ કેશ પરત્વે એફીડેવીટ કરવામાં આવેલ હતુ. પરંતું નામદાર હાઈકોર્ટ ધ્વારા તે માન્ય ન રાખી ચુકાદાની તારીખથી બે માસમાં ઝોન નકકી કરીસરકારશ્રીમાં કલમ-૧૯ ની ઝોનફેરની દરખાસ્ત પાઠવી આપવા આદેશ કરી તા.૧૩/૭/૨૦૧૭ ના રોજ ચુકાદો આપેલ છે. જે મુજબ તા.૧૨/૦૯/૨૦૧૭ સુધીમાં સવાલવાળી જમીનમાં નવીન ઝોન નકકી કરી કાયદાની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવાની થાય છે.સવાલવાળી જમીનની આજુ બાજુનો લેન્ડ યુઝ સર્વે કરાવતા સવાલવાળી જમીનની પશ્ચિમે એક સર્વે નં.૧૧૦/૩ ની પડતર જમીન બાદ વિશ્વામીત્રી નદી છે.ઉતરે૧૧૦/૨ માં કાચા-પાકા ઝુપડા તથા રે.સ.નં. ૧૧૦, ૧૧૧ માં ખુલ્લી પડતર જમીનો તથા તે બાદ મોજે હરણીની પ્રતિબંધીત ઝોન-૧ ની ખુલ્લી પડતર જમીનો આવેલ છે.જયારે પુર્વમાં ૧૨ મી.ના રસ્તા બાદની જમીનોમાં રહેણાંક / વાણીજય વિકાસ થયેલ છે.અનેદક્ષિણે એમ.એસ. યુની.ના રીઝર્વેશન વાળી રે.સ.નં.૧૦૦ થી ૧૦૩ તથા ૧૦૬ વાળી ખુલ્લી પડતર જમીનો છે અને રે.સ.નં.૧૦૭, ૧૦૮ માં પાર્ટી પ્લોટ તરીકે ઉપયોગ થાય છે તથા રે.સ.નં.૯૫,૯૬,૯૭ વાળી રહેણાંક ઝોન-૧ ની જમીનોમાં વાણીજય વિકાસ થયેલ છે. સવાલ વાળી જમીન વડોદરા મહાનગર પાલીકા વિસ્તારમાં હોઈ આ જમીનમાં ઝોન નકકી કરવા બાબતે વડોદરા મહાનગર સેવાસદનનો પણ અભિપ્રાય માંગેલ છે.પરંતુ અભિપ્રાય મળેલ નથી જે વિગતે સવાલવાળી રે.સ.નં.૧૦૯ ની વુડાની પ્રવર્તમાન વિકાસ યોજનામાં દર્શાવેલ પબલીક ઈન્સ્ટીટયુટ યુઝ ફોર એમ.એસ.યુ. વાળી જમીનમાં નવીન ઝોન નકકી કરી કાયદાની કલમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા નીચે મુજબ વિગતવાર ચર્ચા કરવામાં આવી. જેમાં સવાલ વાળી જમીનમાં સરૂઆતથીજ પ્રથમ વિકાસ યોજના અને પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજનામાં બોટનીકલ ગાર્ડન જેવો ખુલ્લો ઉપયોગ દર્શાવેલ હતો.જે વુડાની ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં પબ્લીક ઈન્સ્ટીટયુશનલ યુઝ ફોર

એમ.એસ.યુ.દર્શાવેલ છે.જે જોતા સવાલવાળી જમીનમાં નોન હેબીટેબલ એરીયા તરીકેનો ઉપયોગ વિકાસ યોજનાઓમાં દર્શાવેલ છે.સવાલવાળી જમીન વિશ્વામીત્રી કિનારાથી એક સર્વે નંબર છોડી આવે છે. પ્રવર્તમાન વિકાસ યોજનામાં વિશ્વામીત્રી કિનારાની બન્ને બાજુની મોટા ભાગની જમીનોમાં પોલ્યુશન કન્ટ્રોલ અને ફલડપ્રોન વિસ્તાર ગણી કાયદાની કલમ ૧૨(૨) (જે) અંતર્ગત પ્રતિબંધીત ઝોન-૧ દર્શાવેલ છે. આથી હાલના તબકકે હાઈકોર્ટના આદેશ સંદર્ભે તાત્કાલીક ઝોન નકકી કરવાનો આદેશ થયેલ હોય, સવાલવાળી જમીનમાં પણ કાયદાની કલમ ૧૨(૨) (જે) હેઠળ પ્રતિબંધીત ઝોન-૧ માં મુકરર કરવો ઉચીત ગણાય. આ અંગે સર્વ સભ્યશ્રીઓની સંમતી હતી. આથી સવાલવાળી જમીન પ્રતિબંધીત ઝોન – ૧ માં ઝોન ફેર કરવા કાયદાની કલમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૪ ) :** મોજે નાગરવાડાના રે.સ.નં. ૧૦૯ વાળી જમીન કે જે વુડાને પ્રવર્તમાન વિકાસ યોજનામાં પબ્લીક ઈન્સ્ટીટયુટ ફોર યુઝ દર્શાવેલ છે. જેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઝોન નકકી કરવા આદેશ થયેલ હોય સવાલવાળી જમીનની સ્થળ સ્થીતી ધ્યાને લેતા, હાલ પ્રતિબંધીત ઝોન-૧ માં ઝોન ફેર કરવા, કાયદાની કલમ (૧૯) હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર ( ૭ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં મોજે વેમાલી ખાતે સરકારશ્રી ધ્વારા મંજુર નગર રચના યોજના નં.૧ (વેમાલી) માં વુડાને સંપ્રાપ્ત થયેલ રહેણાંક હેતુ વેચાણપાત્ર ફાઈનલ પ્લોટ નં.૩૨ માં વિકાસ પરવાનગી અંગે વિશેષ છુટછાટ આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં મોજે વેમાલી ખાતે સરકારશ્રી ધ્વારા મંજુર નગર રચના યોજના નં.૧ (વેમાલી) માં વુડાના રહેણાંક હેતુ વેચાણપાત્ર માટે ફાઈનલ પ્લોટ નં.૩૨ સંપ્રાપ્ત થયેલ છે.વુડા ધ્વારા આ નગર રચના યોજનામાં વુડાને સંપ્રાપ્ત થયેલ વેચાણપાત્ર દરેક પ્લોટોની અપસેટ કિંમત નકકી કરી તેને વેચાણ માટે મુકવામાં આવેલ હતા. જાહેર હરાજીમાં મુકવામાં આવેલ પ્લોટો પૈકી મોજે વેમાલી ખાતે રહેણાંક વેચાણપાત્ર ફાઈનલ પ્લોટ નં.૩૨ માં અરજદારશ્રી શર્મા નરેન રધુનંદ ધ્વારા જાહેર હરાજીનુ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાં ભરેલ હતુ. જેનુ ટેન્ડર વુડા ધ્વારા મંજુર રાખવામાં આવેલ હતુ.જેમાં ફાઈનલ પ્લોટના ક્ષેત્રફળ ૧૫૯ ચો.મી માટે વુડા ધ્વારા નકકી કરેલ તળિયાની કિંમત પ્રતિ ચો.મી.ના રૂા.૩૯૪૬૧/- ની સામે પ્રતિ ચો.મી.રૂા.૩૯૪૬૫/- ભરેલ હતા. જે પ્રમાણે આ પ્લોટની કુલ કિંમત રૂા.૬૨,૭૪,૯૩૫/- થાય છે. જે પરત્વે ટેન્ડરના વિનયમો મુજબ અરજાદરશ્રી ધ્વારા ઓફર રકમના ૧% લેખે ડીપોઝીટની રકમ રૂા.૬૨,૭૪૯/- તથા દિન-૧૦ માં ભરવાની થતી ૧૦% રકમ રૂા.૬,૨૭,૫૦૦/- મળી કુલ રૂા.૬,૯૦,૨૪૮/- વુડામાં જમા કરાવેલ છે. જયારે બાકીની રકમ પણ તેઓ ભરવા તૈયાર છે. પરંતુ સુચિત ફાઈનલ પ્લોટનો આકાર ત્રિકોણ હોવાના કારણે તથા પ્રમાણમાં નાનો હોવાના કારણે પ્રવર્તમાન જી.ડી.સી.આર. મુજબ બાંધકામ ખુબજ નજીવુ મળે છે. તેના કારણે એક રહેણાંક મકાન બનાવી શકાય તેમ નથી.સુચિત પ્લોટને ૧૮.૦ મી.રસ્તાની અસર થાય છે.આથીજી.ડી.સી.આર.ની પ્રવર્તમાન જોગવાઈઓ જોવામાં આવે તો સબ પ્લોટેડ જમીનોની કેટેગરીમાં ૧૦૦ ચો.મી. થી ૨૫૦ ચો.મી.સુધીના પ્લોટોમાં લાગુ રોડનુ માર્જીન ૪.૫ મી.તથા બેક સાઈડમાં ૨.૫૦ મી.તથા કોઈપણ અન્ય એક સાઈડમાં ૧.૫ મી. છોડવાનુ રહે છે. પરંતુ ફાઈનલ પ્લોટની બાઉન્ડ્રીથી ગણવામાં આવે તો રોડ સિવાયની અન્ય સાઈડથી ૩.૦ મી નુ માર્જીન રાખવુ પડે. આ બાબતને ધ્યાને લેવામાં આવે તો રહેણાંક મકાન બનાવવા અંગે વિકાસ પરવાનગી મળી શકે તેમ નથી. આ સંજોગોમાં રોડ સાઈડ માર્જીનમાં છુટછાટ તથા બાકી બે ફાઈનલ પ્લોટની બાઉન્ડ્રી પર જીરો માર્જીનથી બાંધકામ કરવા છુટછાટ આપવામાં આવે તો જ આ પ્લોટની કિંમત મળે તેમ છે. અન્યથા આ પ્લોટ વુડા ધ્વારા વેચી શકાશે નહી અને ખુલ્લો પડતર પડી રહે તેમ છે. આથી વુડાને સંપ્રાપ્ત થયેલ રહેણાંક વેચાણપાત્ર પ્લોટમાં ખાસ કિસ્સામાં જી.ડી.સી.આરની ક્લમ ૧૨.૪.૧ (એ) (i) અને (ii) ની જોગવાઈ મુજબના માર્જીનમાં છુટછાટ આપી વિકાસ પરવાનગી આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા દરમ્યાન મુખ્ય નગર નિયોજકશ્રી ધ્વારા સુચન હતુ કે આ પ્રકારના ફાઈનલ પ્લોટામાં વુડા બોર્ડ ધ્વારા માર્જીનમાં છુટછાટ આપવામાં આવે તે યોગ્ય જણાતુ નથી પરંતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૨૯(૧)(૨) હેઠળ આ પ્રકારની ખાસ કીસ્સાની છુટછાટ આપવા સરકારશ્રીને સત્તા હોવાથી આવા પ્રકરણો સરકારશ્રીમાં પાઠવવામાં આવે તે યોગ્ય રહે, આથી હાલ આ મુધ્દો પડતો મુકવાસર્વ સભ્યશ્રીઓની સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૫)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં મોજે વેમાલી ખાતે સરકારશ્રી ધ્વારા મંજુર નગર રચના યોજના નં.૧ (વેમાલી) માં વુડાના રહેણાંક હેતુ વેચાણપાત્ર માટે ફાઈનલ પ્લોટ નં.૩૨ સંપ્રાપ્ત થયેલ પ્લોટમાં રોડ સાઈડ માર્જીનમાં છુટછાટ તથા બાકી બે બાઉન્ડ્રી પર જીરો માર્જીનથી બાંધકામ કરવા છુટછાટ આપવા માટેનોમુધ્દો પડતો મુકવા તથા આ પ્રકારના કીસ્સાઓમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને નિયમો-૧૯૭૯ હેઠળની જોગવાઈ અનુસાર રાજય સરકારશ્રીની ખાસ કિસ્સા તરીકે પરવાનગી મેળવીલેવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નંબર ( ૮ ) : મોજે સમીયાલા-બીલ ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૧ (સમીયાલા-બીલ) અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનોપર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઈ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) વિસ્તારમાં સમાવિષ્ટ મોજે સમીયાલા તથા બીલ ગામનો રેવન્યુ વિસ્તારમાં લાલ-તુટક લીટી થી દર્શાવ્યા મુજબની હદ અંગેનો પરામર્શની દરખાસ્ત તા.૧૦/૮/૨૦૧૬ ના રોજ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી ધ્વારા તા.૨૬/૯/૧૬ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨૧ (સમીયાલા-બીલ) તૈયાર કરવાના કામે વુડાની તા.૨૦/૧૦/૨૦૧૬ ની બોર્ડ બેઠક નં.૨૨૯ માં મુધ્દો લઈ તે પરત્વેના ઠરાવ ક્રમાંક ૨૩૭૫ થી ઈરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્નુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળ યોજનાનો ઈરાદો તા.૨૦/૧૦/૨૦૧૬ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધિ તા.૨૮/૧૦/૨૦૧૬ ના રોજ સરકારી રાજય પત્રના પાના નં.૧૬૮-૧૬૯ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનીક દૈનિક વર્તમાન પત્રો સંદેશ તથા ગુજરાત સમાચાર પત્રમાં તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઈરાદાની જાણ સરકારશ્રીમાં તા.૨૯/૧૦/૨૦૧૬ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઈરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે.ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળે ના નિયમો ૧૯૭૯ ના નિયમ નં. ૧૭ પ્રમાણે યોજનાનો મુસધ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે એક જાહેર સભા તા.૪/૭/૨૦૧૭ ના રોજ અત્રેની કચેરીમાં રાખવામાં આવેલ.જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યકિતગત નોટીસ આપવામાં આવેલ.અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાનપત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ.ત્યારબાદ અધિનિયમની કલમ - ૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ મુસધ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચનસરકારી રાજય પત્રમાં, સ્થાનીક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થાળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમ-૧૯૭૬ તથા તે તળે ના નિયમો - ૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૫/૭/૨૦૧૭ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય.એક માસના સમય ગાળામાં કુલ ૧૪૪ વાંધા રજુ થયેલ છે. અને સમય મર્યાદા બહારના કુલ. ૯ (નવ) વાંધા આજદિન સુધીમાં રજુ થયેલ છે. જે પૈકી ૪ (ચાર) વાંધા અગાઉની રજુઆત સંદર્ભે પુરક માહીતી રૂપે પાઠવેલ છે.જેથી એક માસની સમય મર્યાદાના કુલ. ૧૪૪ + ૪ = ૧૪૮ વાંધા ધ્યાને લીધેલ છે. અને ૫(પાંચ) વાંધા સમયમર્યાદા બહારના ગણી માન્ય ગણેલ નથી. સમય મર્યાદામાં તથા સમય મર્યાદા બહાર આવેલ કુલ ૧૫૩ વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે.જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ -૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસધ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ ક્રવામાં આવેલ જે પરત્વે વુડા બોર્ડ ધ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને કુલ-૧૫૩ વાંધાઓ પૈકી ૧૪૪ + ૪ (પુરક વાંધાઓ) મળી કુલ ૧૪૮ વાંધાઓ તથા પાંચ સમય મર્યાદા બહારની વાંધાની વિગતો તથા આ વાંધાઓ સામે શકયતઃ સુધારાની વિગતો બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી. જેમાં કુલ-૯૩ અરજીઓની રજુઆત પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય રાખી શકાય તેમ ન હોય, તે બાબત બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા કરતા શકયતઃ મોટાભાગના કિસ્સાઓમાં નિયમોનુસાર અને હકારાત્મક અભિગમ અપનાવી નિર્ણય થયેલ છે. સરકાર ધ્વારા મુકદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાની ગાઈડ લાઈનના મુધ્દાઓ ધ્યાને લઈ સર્વ સંમતીથી તે મુજબના સુધારા યોજનાના મુસધ્દામાં આમેજ કરી સરકારશ્રીમાં કાયદાની કલમ ૪૮ (૧) હેઠળ મંજુરી અર્થે સાદર કરવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૪૩૬)</u>** : મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૨૧ (સમીયાલા-બીલ) નો મુસધ્દો પ્રસિધ્ધ કર્યા તા.૫/૦૭/૨૦૧૭ થી એક માસની સમય મર્યાદામાં તથા સમય મર્યાદા બાદ મળેલ તમામ અરજીઓની રજુઆતો પૈકી કુલ-૯૩ અરજીઓની રજુઆત પરત્વે સુધારા કરવા તથા બાકીની અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા નકકી કરવામાં આવેલ આ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાનુ ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૯) : વુડા હદના ટી.પી. તથા નોન ટી.પી. માંના વિકસીત વિસ્તાર ખાતેની ગટરો ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ બાબતે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનના સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનથી કરાવેલ/ કરાવવામાં આવનાર કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી. વિસ્તાર અને નોન- ટી.પી. વિસ્તારમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી અન્વયે રહેણાંક-વાણીજ્ય યોજનાઓનાં બાંધકામ થયેલ છે, આ યોજનામાં ડેવલોપર્સ-બિલ્ડર્સ ધ્વારા વપરાશકારોને નાખી આપેલ ડ્રેનેજ લાઈનો ઉભરાવવા બાબતે જુદા-જુદા વિસ્તારની રજુઆત મળેલ/મળે છે.

(૧) માન. કલેક્ટરશ્રી વડોદરા ધ્વારા ગોરવા-ઉંડેરા મુખ્ય માર્ગની અને તેની આજુ-બાજુની સોસાયટીમાં ઉભરાતી ગટરોના કારણે રોગચાળો ફેલાવાની દહેશતના નિરાકરણ કરવાના સુચના અન્વયે ગોરવા-ઉંડેરા મુખ્ય માર્ગમાં વુડા બોર્ડ બેઠક નં.૨૨૩ તા. ૩૧/૧૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક ૨૨૨૫ થી મંજુરી મેળવી, નવી ડ્રેનેજ લાઈન નાખી આપવામાં આવેલ. ગોરવા-ઉંડેરા મુખ્ય માર્ગની અને તેની આજુ-બાજુની સોસાયટીમાં ઉભરાતા ગટરનાં ગંદા પાણીનાં નિરાકરણ માટે વડોદરા મહાનગર પાલીકા પાસેથી જેટીંગ –સુપર સક્કર-ડીસીલ્ટીંગ મશીનો મેળવી જરૂરી કામગીરી કરાવેલ અને તે કામગીરી અંગેનું વડોદરા મ્યુનિ. કોર્પોરેશન આપેલ બીલનું ચુકવણું કરેલ અને આ બાબતે વુડાના હદના ગોરવા-ઉંડેરા, બીલ, વેમાલી, ભાયલી, વિગેરે ગામનાં ટી.પી. અને નોન ટી.પી. વિસ્તારનાં રહીશોની ને લેખીત રજુઆત મળ્યે, ડ્રેનેજ સફાઈ માટે સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનો મહીનામાં બે-ચાર શીફ્ટ ફાળવવા અને તે અંગેનું ચુકવણું વુડા માંથી કરવામાં આવશે તેમ પત્રો વડોદરા મહાનગર પાલિકાને પાઠવીને જણાવેલ છે. વર્તમાન સમયમાં વડોદરા મહાનગર પાલિકા ધ્વારા પ્રતિ શીફ્ટ રૂ. ૧૬,૫૦૦/- નો ચાર્જ વુડાને કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે અત્યાર સુધીમાં વડોદરા મહાનગર પાલિકાને ચુકવેલ રકમને બહાલી આપવા તથા ભવિષ્યમાં વડોદરા મહાનગર પાલિકાને ચુકવવાની થનાર રકમને મંજુરી આપવા તથા મુદ્દા(૧)માં દર્શાવ્યાનુસારની વ્યવસ્થા ચાલુ રાખવી કે વુડાએ નવો ડ્રેનેજ સફાઈ યુનિટની આશરે એક કરોડની રકમથી ખરીદી કરવી તે બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા, ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૭) :**

(૧) વુડા ધ્વારા ગોરવા-ઉંડેરા, બીલ, વેમાલી, ભાયલી વિગેરે ગામોનાં ટી.પી. અને નોન ટી.પી. વિસ્તારના રહીશોની રજુઆત અન્વયે ડ્રેનેજ સફાઈ માટે વડોદરા મહાનગર પાલિકા પાસેથી સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનો મેળવી, આજદીન સુધી કરવામાં આવેલ કામગીરી અને તે અંગે ચુકવેલ અને ચુકવવાના થતા ખર્ચને બહાલી આપવામાં આવી તથા ભવિષ્યમાં આ વ્યવસ્થા ચાલુ રાખવી નહી તથા હાલમાં વુડાએ નવીન ડ્રેનેજ સફાઈ યુનિટ ન ખરીદવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૨) વુડા હદના નોન ટી.પી. ના વિકસીત વિસ્તારોના ડ્રેનેજ, રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ વિગેરે પ્રશ્નોના નિરાકરણ બાબત. માન.કલેક્ટરશ્રી, વડોદરાના અધ્યક્ષ સ્થાનો તા. ૨૨/૦૬/૨૦૧૭ ના રોજ કલેક્ટર કચેરી ખાતે (અ) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા, (બ) નાયબ કલેક્ટરશ્રી, વડોદરા ગ્રામ્ય, (ક) ચેરમેનશ્રી, વુડા (ડ) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા તથા અન્ય અધિકારીશ્રીઓ સાથે યોજાયેલ મીટીંગના સ્પીકીંગ નિર્ણય મુજબ વુડાના ટી.પી. વિસ્તાર સિવાયના તમામ વિસ્તારના સઘળા પ્રશ્નોનું નિરાકરણની કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવાની રહેશે. સદર બાબતે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચેરમેનશ્રી, વુડાએ જણાવતા, વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓએ નોન ટી.પી. વિસ્તારની સઘળી કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) વુડાની વિકસીત ટી.પી. સ્કીમમાં, વુડા ધ્વારા કેપીટલ કોસ્ટ તરીકે ડ્રેનેજને લગતી કામગીરી કરવી. પરંતુ વુડાની હદમાં આવતા નોન ટી.પી. માંના વિસ્તારો વડોદરા મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થાય તે સમય ગાળા દરમ્યાન નોન ટી.પી. માંના વિસ્તારો ખાતેની ગટરો ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ બાબતે સરકારશ્રીમાં આ કામગીરી લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (LSG) તેમજ જ્યાં સુધી વુડાનો વિકસીત વિસ્તાર નજીકની LSG ને સોપાય ત્યાં સુધીનાં સમયગાળાને Incubation period ગણી, શહેરી વિકાસ વિભાગે નિર્ણય કરી LSG ને O.& M. ની કામગીરી કરવા વિશેષ ફંડ ફાળવવા સહિતની વ્યવસ્થા કરવા અંગેની દરખાસ્ત વુડાએ લગત વિભાગમાં કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત (૧) થી (૩) અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૦) : મોજે ખટંબાના બ્લોક નં. ૨૪૬ કુલ જમીન ૧૯૦૨૦ ચો.મી. પૈકીની ૧૭૦૬૧ ચો.મી. જમીનનો મલીનપાણીનાં શુધ્ધીકરણ પ્લાન્ટ(STP)બનાવવા માટે કબજો મેળવવા બાબત.

વુડા હદનાં પુર્વ વિસ્તારના વિકસીત ગામો સિકંદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ અને ખટંબા ની હદમાં વડોદરા ઈસ્ટર્ન ડેવલોપર્સ એસોશિએશનની માંગણી અન્વયે ડ્રેનેજ લાઈનમાંનાં મલીનપાણીનાં શુધ્ધીકરણ માટે STP બાંધકામ કરાવવાનું થાય છે. મોજે ખટંબાના બ્લોક નં. ૨૪૬ ની કુલ જમીન ૧૯૦૨૦ ચો.મી. પૈકી સ્મશાન બીલ્ડીંગ, સ્મશાને જવાના રસ્તાની જમીન અને ખાંચાની જમીન મળી કુલ ૧૯૫૦.૦૦ ચો.મી. સિવાયની ૧૭૦૬૧ ચો.મી.જમીન STP બાંધકામ માટે કલેક્ટરશ્રી, વડોદરા ધ્વારા તેમના પત્રાંક નં.જમીન/બ/વશી/૨૬૦/ ૨૦૧૭ તા.૧૨/૦૬/૨૦૧૭ થી ફાળવણી અંગે જરૂરી કાર્યવાહી કરવા મામલતદારશ્રી વડોદરા(ગ્રામ્ય)ને જણાવેલ છે.

(૧) ગુજરાત સરકાર મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક નં. જમન-૩૯૦૦૯-૬૧૨-અ તા. ૨૩/૦૨/૨૦૧૫ ના મુદ્દા નં.-૩ મુજબ "પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામો માટે" સરકારી જમીનનો આગોતરો કબજો જંત્રી આધારીત કિંમત ના ૧૦% રકમ ભરીને મેળવવાની જોગવાઈ છે. કલેક્ટરશ્રી, વડોદરા ના પત્રાંક નં. જમીન/બ/વશી/૩૯૭/૨૦૧૭ તા. ૨૬/૦૭/૨૦૧૭ મુજબ જંત્રી આધારીત (કુલ રકમ રૂ. ૩,૨૪,૧૫,૯૦૦/-) ના ૧૦% રકમ રૂ. ૩૨,૪૧,૫૯૦/- દિવસ ૩૦ માં ભરી કબજો વુડાને મળે તેમ છે. તો રૂ. ૩૨,૪૧,૫૯૦/- ભરી આગોતરો કબજો મેળવવા તથા

(૨) કલેક્ટરશ્રી, વડોદરાના મામલતદારશ્રી, વડોદરા(ગ્રામ્ય)ને સંબોધીને લખાયેલ પત્રાંક નં. જમીન/૯૦/વશી/ ૨૬૦/૨૦૧૭ તા. ૧૨/૦૬/૨૦૧૭ ના મુદ્દા નં.૫ મુજબ સવાલવાળી જમીનની નગર નિયોજકશ્રી, વડોદરા ધ્વારા હાલનો બજાર ભાવ નક્કી કરે તે મુજબની રકમ આખરી રકમ ( તફાવતની રકમ વુડાએ) ભરવાની થશે, જે રકમ નક્કી થયેથી, તે રકમ ભરવાના નિર્ણય બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યોશ્રીઓ સમક્ષ રજુ થતા, ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૩૮)** : મોજે ખટંબાના બ્લોક નં.૨૪૬ કુલ જમીન ૧૯૦૨૦ ચો.મી. પૈકીની ૧૭૦૬૧ ચો.મી. જમીનનો મલીનપાણીનાં શુધ્ધીકરણ પ્લાન્ટ (STP) બનાવવા માટે જંત્રી આધારીત કિંમતના ૧૦% (રૂ. ૩૨,૪૧,૫૯૦) રકમ ભરી હાલ તુરત કબજો મેળવવો. તથા નગર નિયોજકશ્રી, વડોદરા ધ્વારા હાલનો બજાર ભાવ નક્કી કરી તે મુજબની આખરી રકમ (તફાવતની રકમ) વુડાએ ભરવાની થાય તે ભરપાઈ કરી, સવાલવાળી જમીનનો સંપુર્ણ કબજો મેળવવો તથા તે અંગે થનાર ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૧) : મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ વેમાલી ટી.પી. નં. ૧ ના એફ.પી. નં. ૧૦૯,૧૧૪ અને ૧૧૯ ખાતે ત્થા સેવાસી ટી.પી.નં. ૧ ના એફ.પી. નં. ૧૧૯ અને ૧૩૩ ખાતે બાંધેલ આવાસોની યોજનામાં પુરતા પાણીની સુવિધા આપવા માટે કરાવેલ કુલ પાંચ બોર ત્થા યોજનાવાઈઝ પ્રોવાઈડ કરેલ/કરવાના સીક્યુરીટી સ્ટાફ ત્થા કોમન વપરાશ અને સોંપણી ન થયેલ આવાસોના ભરેલ/ભરવાના લાઈટ બીલ બાબત.

સરકારશ્રીની મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ વુડા ધ્વારા કુલ ૮૩૨ આવાસો ત્થા ૩૯ દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ આ આવાસોની લોકાર્પણ વિધિ તા. ૧૬/૦૨/૨૦૧૭ ના રોજ ગુજરાત સરકારશ્રીના માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કર્યા બાદ તા. ૦૮/૦૮/૨૦૧૭ સુધીમાં ૮૩૨ માંથી ૫૨૦ આવાસોને જે તે લાભાર્થીઓએ સંપુર્ણ રકમ ભરતા તે આવાસોની સોંપણી કરવામાં આવેલ છે. અને જેમ-જેમ લાભાર્થી સંપુર્ણ રકમ ભરે તેમ-તેમ આવાસોના દસ્તાવેજ થયેથી સોંપણીની કામગીરી ચાલુ છે. આ ૮૩૨ આવાસો અને ૩૯ દુકાનોના બાંધકામ પેટે રૂ. ૬૨,૫૪,૧૮,૦૦૦/- ની રકમ વુડાની બોર્ડ બેઠક નં. ૨૩૧ તા. ૩૦/૦૩/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક ૨૩૯૯ થી મંજુર કરવામાં આવેલ છે.

(૧) વેમાલી ટી.પી. સ્કીમ નં. ૧ ના એફ.પી. નં. ૧૦૯,૧૧૪ અને ૧૧૯ ત્થા સેવાસી ટી.પી. સ્કીમ નં. ૧ એફ.પી. નં. ૧૧૯ અને ૧૩૩ મળી કુલ પાંચ આવાસ યોજના ખાતે પાણીની પુરતી સુવિધા આપવા માટે બાંધકામની એજન્સી ધ્વારા કરવામાં આવેલ બોર માંથી અપુરતતો જથ્થો મળવાની લાભાર્થી ઓની રજુઆત અન્વયે પાંચેય યોજના પર એક-એક નવો બોર ટુંકી મુદતના ક્વોટેશન મંગાવી રૂ. ૮,૦૮,૪૦૦/- ની રકમની કામગીરી કિસ્મત સેલ્સ એન્ડ સર્વિસ ને બોર્ડની મંજુરીની અપેક્ષાએ સોંપવામાં આવેલ છે, બોર બનાવવાની કામગીરી પ્રગતીમાં છે. આ અંગે થનાર ખર્ચ ને બહાલી આપવા વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ ચર્ચા વિચારણા અર્થે સાદર રજુ.

(૨) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બાંધવામાં આવેલ કુલ પાંચ યોજના હેઠળના ૮૩૨ ની ગુજરાત સરકારશ્રીના માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ ના હસ્તે થયા બાદ પાંચેય તા. ૧૬/૦૨/૨૦૧૭ ના લોકાર્પણ વિધી યોજનાઓની સુરક્ષા - સાચવણી અર્થે તા. ૧૦/૦૩/૨૦૧૭ થી પ્રતિ યોજના, પ્રતિ શિફ્ટ (આઠ કલાક) સિક્યુરીટી સ્ટાફ રાખવામાં આવેલ છે. જેના પ્રવર્તમાન દરે પ્રતિ માસ આશરે કુલ રૂ. ૧,૪૦,૦૦૦/- ચુકવવામાં આવે છે. મહત્તમ આવાસોની સોંપણી અને એસોશિએશન રચના થાય તે સમયગાળા સુધી રાખેલ/રાખવામાં આવનાર સિક્યુરીટી રાખવાના નિર્ણય ને બહાલી ત્થા મંજુરી અર્થે ત્થા તે અંગે થયેલ ખર્ચને બહાલી આપવા ત્થા થનાર ખર્ચને મંજુરી અર્થે વુડા બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા-વિચારણા અર્થે સાદર રજુ.

(૩) મુખ્યમંત્રી ગૃહ યોજનાના ૮૩૨ આવાસો અને ૩૯ દુકાનો અને ટાવર વાઈઝ મીટર ત્થા કોમન મીટર મળી કુલ ૮૯૬ મીટરો મધ્ય ગુજરાત વીજ કંપની ધ્વારા લગાવવામાં આવેલ છે. સોંપણી થયેલ ન હોય તે સમયગાળાના જે-તે આવાસો, દુકાનો ત્થા ટાવર વાઈઝ કોમન મીટર અને યોજનાવાઈઝ કોમન મીટરના લાઈટ બીલ ના નાણા હાલમાં વુડા ધ્વારા ભરવામાં આવે છે. સોંપણી બાકી છે તે આવાસો, દુકાનો ત્થા સોંપણી કરેલ આવાસોના લાભાર્થીઓ ધ્વારા ટાવર વાઈઝ કોમન અને યોજનાવાઈઝ કોમન વપરાશના ઈલેક્ટ્રીકલ બીલના ભરેલ નાણાને બહાલી આપવા ત્થા જ્યાં સુધી એસોશિએશનની રચના થઈ ચાર્જ ન સંભાળે ત્યાં સુધી તે તમામ બીલોની રકમ ભરવાની મંજુરી અર્થે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે તેને ગ્રાહ્ય રાખી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૪૩૯) :

(૧) વેમાલી ટી.પી. સ્કીમ નં. ૧ ના એફ.પી. નં. ૧૦૯,૧૧૪ અને ૧૧૯ ત્થા સેવાસી ટી.પી. સ્કીમ નં. ૧ એફ.પી. નં. ૧૧૯ અને ૧૩૩ મળી કુલ પાંચ આવાસ યોજના ખાતે પાણીની પુરતી સુવિધા આપવા માટે પાંચેય યોજના ખાતે એક-એક નવો બોર બનાવવા કરેલ કાર્યવાહી અને તે અંગે થનાર ખર્ચ રૂ. ૮,૦૮,૪૦૦/- ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૨) મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બાંધવામાં આવેલ કુલ પાંચ યોજનાઓની સુરક્ષા - સાચવણી અર્થે કરેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી. તથા એસોશિએશનની રચના થાય તે સમયગાળા સુધી રાખેલ/રાખવામાં આવનાર સિક્યુરીટી સ્ટાફ તથા તે અંગે થયેલ/થનાર ખર્ચને સર્વાનુમતે મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) મુખ્યમંત્રી ગૃહ યોજનાના ૮૩૨ આવાસો અને ૩૯ દુકાનો અને ટાવર વાઈઝ મીટર ત્થા કોમન મીટર મળી કુલ ૮૯૬ મીટરો મધ્ય ગુજરાત વીજ કંપની ધ્વારા લગાવવામાં આવેલ છે. સોંપણી થયેલ ન હોય તે તથા એસોશિએશનની રચના થાય તે સમયગાળા સુધીના જે-તે આવાસો, દુકાનો ત્થા ટાવર વાઈઝ કોમન મીટર અને યોજનાવાઈઝ કોમન મીટરના લાઈટ બીલ ના નાણા હાલમાં વુડા ધ્વારા ભરવામાં આવે છે તે માટે કરેલ કાર્યવાહી અને થયેલ/થનાર ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત (૧) થી (3) તથા વુડાએ પાંચેય આવાસ યોજનાના સંચાલન અને જાળવણી (લાભાર્થીઓને સોંપેલ મકાનો સિવાય) અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૨) : વુડા હદના પુર્વ વિસ્તારના મોજે અણખોલ ગ્રામ પંચાયત હસ્તકના તળાવમાંથી અણખોલ ગામની સીમમાં આવેલ રહેણાંક સ્કીમો માટેના "અણખોલ ડેવલોપર્સ એસોશિએશન"ના પીવાના પાણીના પ્રોજેક્ટને નાણાકીય મદદ આપવા બાબત.

માન. મુખ્યમંત્રીશ્રી ધ્વારા તા. ૧૨/૦૭/૨૦૧૪ ના રોજ વડોદરાની મુલાકાત દરમ્યાન આયોજીત બેઠકમાંની સુચના નં.-૯ મુજબ વુડા વિસ્તારમાં પીવાનું પાણી પુરૂ પાડવા બાબતે નર્મદા વિભાગ માંથી 40 MLD પાણી મળી રહે તે અંગે વુડા ધ્વારા નર્મદા વિભાગને જરૂરી દરખાસ્ત કરવા મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના મુમુક/વીઆઈપી/૩૩૨૫૬ તા. ૧૬/૦૭/૨૦૧૭ ના પત્રથી વુડાને જણાવેલ.

તે અન્વયે વુડા ધ્વારા 40 MLD પાણી ફાળવવાની દરખાસ્ત લગતને કરવામાં આવતા સરદાર સરોવર નર્મદા નિગમ લી. ધ્વારાના પત્રાંક નં. SSNNL/WS/1306/33/VUDA/WMC of 2015 તા. ૨૦/૦૬/૨૦૧૫ થી 10 MLD પાણી વુડાને ફાળવેલ છે. આ પાણી વડોદરાથી ૨૪ કી.મી. દુરથી રામેશરા ગામ પાસેની નર્મદા વિભાગની કેનાલ માંથી મળવા પાત્ર છે. ઉપરોક્ત મંજુર થયેલ 10 MLD પાણી પૈકી 5 MLD પાણી વુડા હદનાં પશ્ચિમનાં વિકસીત વિસ્તાર માટે તથા 5 MLD પુર્વ હદનાં વિકસીત વિસ્તારને આપવાનું આયોજન કરેલ પરંતુ લાંબા અંતરેથી પાણી લાવવાના કારણે પીવાનું પાણી તાત્કાલીક પુરૂ પાડવાનું શક્ય બને તેમ નથી. વુડા હદના પુર્વ વિસ્તારના ગામોની જમીનમાં પાણીનાં તળ ઊંડા છે. અને ખારાશ વાળુ પાણી નીકળે છે. તેવી રજુઆત વડોદરા ઈસ્ટર્ન એસોશિએશન ધ્વારા વુડાને મળેલ છે.

તે બાબતોને ધ્યાને લઈ "અણખોલ ડેવલોપર્સ એસોશિએશન" ધ્વારા અણખોલ ગ્રામ પંચાયતની જમીનમાં વિકસેલ રહેણાંક વિસ્તાર માટે અણખોલ ગ્રામ પંચાયતના તળાવમાંથી પાણી મેળવવાની જરૂરી મંજુરી-સહમતી-ગ્રામ પંચાયતનો ઠરાવ વિગેરે મેળવી રૂ. ૪,૫૦,૮૨,૩૧૩/- પ્રોજેક્ટ રીપોર્ટ વુડામાં રજુ કરી નાણાકીય મદદ માટે તેમના તા. ૦૩/૦૫/૨૦૧૭ ના પત્ર થી માંગણી કરેલ છે.
"અણખોલ ડેવલોપર્સ એસોશિએશન" ધ્વારા જરૂરી પ્રક્રીયા કરી એજન્સી મારફતે કામગીરી શરૂ કરાવેલ છે, તે બાબત ધ્યાને લઈ "અણખોલ ડેવલોપર્સ એસોશિએશન" ના સદર પાણીનાં પ્રોજેક્ટ માટે નાણાકીય મદદ આપવાના નિર્ણય અર્થે ત્થા નાણાકીય મદદ આપવાનો નિર્ણય થયે, પ્રોજેક્ટ કોસ્ટનાં કેટલા ટકા રકમ કયા-કયા તબક્કે ફાળવવી તે અંગે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે તેને ગ્રાહ્ય રાખી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૪૪૦) : "અણખોલ ડેવલોપર્સ એસોશિએશન" ધ્વારા અણખોલ ગ્રામ પંચાયતની જમીનમાં વિકસેલ રહેણાંક વિસ્તાર માટે, અણખોલ ગ્રામ પંચાયતના તળાવમાંથી પાણી મેળવવાની જરૂરી મંજુરી/સહમતી બાબત ગ્રામ પંચાયતનો ઠરાવ, ઓ. એન્ડ એમ. એગ્રીમેન્ટ વિગેરે મેળવવો અને આ અંગે અણખોલ ડેવલોપર્સ એસોશિએશન ધ્વારા વુડામાં રજુ કરેલ રૂ. ૪,૫૦,૮૨,૩૧૩/- ના પ્રોજેક્ટ રીપોર્ટ ને સૈદ્ધાંતીક મંજુરી આપવામાં આવી તથા માંગવામાં આવેલ નાણાકીય સહાય માટે પ્રોજેક્ટ કોસ્ટ અથવા ખરેખર થનાર ખર્ચની ૧/૩ (જે ઓછી હોય તે) રકમ તબક્કા વાઈઝ આપવાનું નક્કી કરવામાં આવ્યુ. અણખોલ ડેવલોપર્સ એસોશિએશન પાસેથી તેની કાયદાકીય માન્યતાની અને આ પ્રોજેક્ટમાં તેનાં રોલ બાબતની જરૂરી સ્પસ્ટતા મેળવવાની રહેશે. તથા અણખોલ ડેવલોપર્સ એસોશિએશને પ્રોજેક્ટ પુર્ણ કરી, સંચાલન અને નિભાવણી અર્થે અણખોલ ગ્રામ પંચાયતને સોંપી આપવાનો રહેશે. અણખોલ ગ્રામ પંચાયત પાસેથી આ પ્રોજેક્ટ "હેન્ડ ઓવર લેવાની, તેના સંચાલન અને નિભાવણીની તથા તે અંગે વુડા સાથે જરૂરી કરારનામું કરવાની" બાહેધરી મળ્યા બાદ નાણા ચુકવવામાં આવશે. તદઉપરાંત આ પ્રોજેક્ટમાં વુડાના કાર્યપાલક ઈજનેરશ્રીને કો-ઓર્ડીનેટર તરીકે નીમવાના રહેશે. ભવિષ્યમાં આ પ્રોજેક્ટ અંગે કોઈ પ્રશ્ન ઉદભવેતો તે તમામના નિરાકરણ અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી, વડોદરા (ગ્રામ્ય) નો નિર્ણય સંચાલક સંસ્થાએ આખરી ગણી માન્ય રાખવાનો રહેશે. તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તથા આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૩) : વુડા વિસ્તારમાં આવેલ કાયમી રહેણાંક વિસ્તારોમાં મેલેરીયા-ડેન્ગ્યુ રોગ અટકાયતી પગલા લેવા મેલેરીયા શાખા, જીલ્લા પંચાયત, વડોદરાને ફાળવેલ ફંડ બાબત.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા ધ્વારા તેમની કચેરીના મેલેરીયા શાખાનાં પત્રાંક નં. ડીપી/મેલે/લેબ/૧૨૦/૧૭ તા. ૦૪/૦૫/૨૦૧૭ થી વુડા હદના સમીયાલા, બીલ, ભાયલી, સેવાસી, ખાનપુર, અંકોડીયા, ઉંડેરા, કરોડીયા, બાજવા, દુમાડ, દેણા, હરણી, સયાજીપુરા, વેમાલી અને કેલનપુર ખાતે મેલેરીયા – ડેન્ગ્યુ જેવા રોગ સાથે અટકાયતી પગલા લેવા માટે ફ્યુલ, વાહનો ભાડે રાખવા, ફોગીંગ મશીન ખરીદવા ત્થા ફ્લેક્ષ બેનર-ચોપાનીયા થી જાહેરાત કરવા માટે કુલ રૂ. ૨૪,૦૭,૦૦૦/- ના ફંડની જરૂરીયાત હોવાનું જણાવેલ, જે જરૂરીયાત પૈકી રૂ. ૧૨,૭૭,૦૦૦/- નું ફંડ ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં મેલેરીયા-ડેન્ગ્યુ જેવા રોગો સામે અટકાયતી પગલા લેવા વુડા બોર્ડ બેઠકની મંજુરીની અપેક્ષાએ ચુકવેલ છે.

આજ પ્રમાણે અગાઉ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પણ રૂ. ૬,૪૮,૪૦૦/- નું ફંડ મેલેરીયા-ડેન્ગ્યુ જેવા રોગો સામે અટકાયતી પગલા લેવા ચુકવવામાં આવેલ છે. જે પૈકી રૂ. ૪,૮૭,૬૧૭/- નો ખર્ચ કરાયેલ અને વણવપરાયેલ બચત રહેલ રકમ રૂ. ૧,૬૦,૭૮૩/- વુડાને તેઓએ પરત કરેલ છે.

આમ જિલ્લા પંચાયત વડોદરાને રોગો અટકાવવા માટે ચુકવેલ રકમ રૂ. ૧૨,૭૭,૦૦૦ +૪,૮૭,૬૧૭= રૂ.૧૭,૬૪,૬૧૭/- ને બહાલી આપવા તથા માન. કલેક્ટરશ્રી, વડોદરાની કચેરીમાં કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને વડોદરા તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને જીલ્લાના અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત મીટીંગ થયેલ, તેમાં થયેલ ચર્ચાનુસાર વડોદરા તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીને સુચના આપ્યા મુજબ, આ પ્રકારના કામો તેઓશ્રીની કચેરીએથી કરાવવાના થાય છે. જેથી ભવિષ્યમાં આ પ્રકારે રોગ અટકાયતી પગલા લેવા જીલ્લા પંચાયત, વડોદરાને ફંડ આપવુ કે કેમ? તે બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યોશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૪૪૧) : જિલ્લા પંચાયત વડોદરાને રોગો અટકાવવા માટે વર્ષ૨૦૧૭-૧૮ દરમ્યાન ચુકવેલ રકમ રૂ.૧૨,૭૭,૦૦૦ તથા વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ચુકવેલ રકમ રૂ. ૪,૮૭,૬૧૭/- મળી કુલ રકમ રૂ. ૧૭,૬૪,૬૧૭/- ને બહાલી આપવામાં આવી તથા ભવિષ્યમાં આ પ્રકારે રોગચાળાના અટકાયતી પગલા લેવા જીલ્લા પંચાયત, વડોદરાને ફંડ ન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ (એટલેકે ભવિષ્યમાં આ પ્રકારે ફંડ ફાળવી શકાશે નહી.). આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર(૧૪) : ગોરવા-ઉંડેરા રોડની આજુ-બાજુની સોસાયટીઓમાં જવાના રસ્તા પરની ડ્રેનેજ લાઈન ઉભરાવવાનાં પ્રશ્નોનાં નિરાકરણ બાબત.

વુડા બોર્ડ બેઠક નં. ૨૨૩ તા. ૩૧/૧૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક નં. ૨૨૨૫ થી વુડા વિસ્તારનાં મોજે ગોરવા-ઉંડેરા રોડ પર પેટ્રોફિલ્સ બસ સ્ટેન્ડથી જલારામ મંદીર તથા સરોજ પાર્કથી મેરેજ હોલ (સાંઈ મંદીર) અને આસ-પાસની સોસાયટીઓની ગટર ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ માટે રૂ. ૩૭.૫૦ લાખના ખર્ચે ગોરવા-ઉંડેરા મુખ્ય માર્ગ પર નવી ડ્રેનેજ લાઈનની કામગીરી અગાઉ કરી આપવામાં આવે છે. તેમજ આ નવી ડ્રેનેજ લાઈન નાખવાનાં કારણે રોડ મરામતની કામગીરી વુડા બોર્ડ બેઠક નં. ૨૩૦ તા. ૦૯/૧૨/૨૦૧૬ નાઠરાવ ક્રમાંક નં. ૨૩૭૩ ના મુદ્દા નં. ૨ માં ઠરાવ્યાનુસાર રૂ. ૧.૪૩ કરોડ ના ખર્ચે વુડા ધ્વારા કરવામાં આવેલ છે.

હાલમાં ગોરવા-ઉંડેરા રોડની આજુ-બાજુની રાજદીપ સોસાયટી, ખોડીયાળ નગર, અંબીકા નગર વિગેરે પેટ્રોફિલ્સ બસ સ્ટેન્ડની આસ-પાસની આશરે દસેક સોસાયટીઓમાં જવાના રસ્તાઓ પર ફરીથી ગટર ઉભરાતી હોય મોટા ડાયામીટરની નવી પાઈપલાઈન નાખવાની ત્યાંનાં રહીશોની માંગણી અંગેની રજુઆત માન. ધારાસભ્યશ્રી (વાઘોડીયા) ધ્વારા મળેલ છે. સદર સોસાયટીઓનું ગટરનું પાણી ગોરવામાં આવેલ પીરની દરગાહ પાસેનાં ઓક્ઝીલરી પમ્પીંગ સ્ટેશનમાં જમા થાય છે. આ ઓક્ઝીલરી પમ્પીંગ સ્ટેશનનું સંચાલન વડોદરા મહાનગર પાલિકા ધ્વારા કરવામાં આવે છે. તે ઓક્ઝીલરી પમ્પીંગ સ્ટેશન માંથી નિયમીત જરૂરી પંપીંગ થાય તો ગટર લાઈન ઉભરાય નહી તેવુ ત્યાંનાં રહીશોનું માનવુ છે. નિયમીત જરૂરી પંમ્પીંગ ન થતા લાઈનો ચોક-અપ થતી હોય, રહીશોની રજુઆત મુજબની સોસાયટીઓમાં જવાનાં રસ્તાઓમાં નવી ગટર લાઈન નાખવાની કામગીરી કરવાની થાય છે, જેનો પ્રવર્તમાન સ્થિતીએ અંદાજે રૂ. ૧.૧૦ કરોડનાં ખર્ચે થવા સંભવ છે. તેમજ નવી ગટર લાઈન નાખવાનાં કારણે આશરે ૨.૫૦ કી.મી. ની લંબાઈનાં રોડને પણ નવો બનાવવાનાં થાય જેનો ખર્ચ અંદાજે રૂ. ૨.૫૦ કરોડ થાય તેમ છે.

આમ વિષય દર્શિત મોજે ઉંડેરા-ગોરવા વિસ્તારમાંની સોસાયટીઓમાં નવી ગટર લાઈન નાખવાની કામગીરી અને ગટર લાઈન નાખ્યા બાદ, નવો રોડ બનાવવાની કામગીરી અંગે ત્યાંના રહીશોની રજુઆતો તથા આ તથા અન્ય કામો માટે ધારાસભ્યશ્રીઓની રજુઆતો આવેલ છે. તો તે કામો કરાવવા અને તે અંગે થનાર ખર્ચ બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યોશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૪૪૨) :

(૧) વુડા ધ્વારા ગોરવા-ઉંડેરા ગામોનાં આઉટસ્કર્ટ વિસ્તારના રહીશોની રજુઆત અન્વયે ડ્રેનેજ સફાઈ માટે વડોદરા મહાનગર પાલિકા પાસેથી સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનો મેળવી કરાવેલ છે અને તે અંગે આજદીન સુધી કરવામાં આવેલ કામગીરી અને તે અંગે ચુકવેલ અને ચુકવવાના થતા ખર્ચને બહાલી આપવામાં આવી. ગોરવા-ઉંડેરા રોડની આજુ-બાજુની સોસાયટીઓનું ગટરનું પાણી ગોરવામાં આવેલ પીરની દરગાહ પાસેનાં ઓક્ઝીલરી પમ્પીંગ સ્ટેશનમાં જમા થાય છે, તે ઓક્ઝીલરી પમ્પીંગ સ્ટેશનમાંથી નિયમીત જરૂરી પંપીંગ વડોદરા મહાનગર પાલિકા ધ્વારા કરવામાં આવે તેમજ ચોક-અપ થઈ ગયેલી ગટર લાઈનોને વડોદરા મહાનગરપાલિકાએ સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ મશીન ફાળવી, જરૂરી સફાઈની કામગીરી કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૨) વુડા હદના નોન ટી.પી. ના વિકસીત વિસ્તારોના ડ્રેનેજ, રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ વિગેરે પ્રશ્નોના નિરાકરણ બાબત. માન. કલેક્ટરશ્રી, વડોદરાના અધ્યક્ષ સ્થાનો તા. ૨૨/૦૬/૨૦૧૭ ના રોજ કલેક્ટર કચેરી ખાતે (અ) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા, (બ) નાયબ કલેક્ટરશ્રી, વડોદરા ગ્રામ્ય, (ક) ચેરમેનશ્રી, વુડા (ડ) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા તથા અન્ય અધિકારીશ્રીઓ સાથે યોજાયેલ મીટીંગના સ્પીકીંગ નિર્ણય મુજબ વુડાના ટી.પી. વિસ્તાર સિવાયના તમામ વિસ્તારના સઘળા પ્રશ્નોનું નિરાકરણની કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવાની રહેશે. સદર બાબતે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચેરમેનશ્રી, વુડાએ જણાવતા, વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓએ નોન ટી.પી. વિસ્તારની સઘળી કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) ગોરવા-ઉંડેરાનાં વિકસીત વિસ્તારો, વડોદરા મહાનગર પાલિકાની હદમાં સમાવેશ થાય તે સમય ગાળા દરમ્યાન ગોરવા-ઉંડેરાનાં વિકસીત વિસ્તારો ખાતેની ગટરો ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ બાબતે સરકારશ્રીમાં આ કામગીરી લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (LSG) તેમજ જ્યાં સુધી વુડાનો વિકસીત વિસ્તાર નજીકની LSG ને સોપાય ત્યાં સુધીનાં સમયગાળાને Incubation period ગણી, શહેરી વિકાસ વિભાગે નિર્ણય કરી LSG ને O.& M. ની કામગીરી કરવા વિશેષ ફંડ ફાળવવા સહિતની વ્યવસ્થા કરવા અંગેની દરખાસ્ત વુડાએ લગત વિભાગમાં કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૪) માન. ધારાસભ્ય શ્રી (૧૩૬ વાઘોડીયા) ધ્વારા અન્ય માંગણી કરેલ મોજે. ગામ વેમાલી નું કામ, મોજે. ગામ ગોરવાનો ઔજી વિસ્તારના કામો, મોજે. ગામ કોયલીના કામો, મોજે. ગામ આમોદરના કામો, તથા મોજે ગામ આસોજના કામો વુડા ધ્વારા ન કરાવવા તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત (૧) થી (૪) અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૫) : વુડા હદના બીલ-અટલાદરા રોડની આજુ-બાજુની સોસાયટીઓની ઉભરાતી ગટરના પ્રશ્નના નિરાકરણ બાબત.

વુડા હદનાં મોજે બીલ ગ્રામ પંચાયતનાં સરપંચશ્રીની રજુઆત મુજબ બીલ ગામની હદનાં નોન ટી.પી. વિસ્તારમાંની ૧૨ થી ૧૫ સોસાયટીઓમાં ઉભરાતી ગટરોના પ્રશ્નનું નિરાકરણ લાવવાની માંગણી છે. આ માંગણી અન્વયે માનનીય કલેક્ટરશ્રી, વડોદરા ધ્વારા લગત બિલ્ડર્સ/ડેવલોપર્સ સાથે મીટીંગ આયોજીત કરી ઉભરાતી ગટરોના પ્રશ્નનો કાયમી નિરાકરણ લાવવા વુડાને જણાવેલ છે. સદર બાબતે બિલ્ડર્સ/ડેવલોપર્સ સાથે વુડા ખાતે મીટીંગ યોજવામાં આવેલ, જેમાં બિલ્ડર્સ/ડેવલોપર્સ ધ્વારા આશરે ૧ કિ.મી. લંબાઈની ૬૦૦મીમી. ડાયામીટરની આર.સી.સી. પાઈપ વુડા ધ્વારા સપ્લાય કરવામાં આવે તો મેનહોલ, પાઈપ લેયીંગ, ખોદાણ વિગેરેની કામગીરીનો ખર્ચ લોક ભાગીદારી ધોરણે ભોગવવા તથા સઘળી કામગીરી તેમના મારફત કરી આપવા લેખીત માંગણી કરેલ છે.

વિષય દર્શિત કામગીરીની પ્રવર્તમાન દરે આશરે અંદાજીત રકમ રૂ. ૮૦.૫૨ લાખ થશે. જેથી સદર કામગીરી લોક ભાગીદારી ધોરણે બિલ્ડર્સ/ડેવલોપર્સ ને સોંપવા ત્થા કુલ આશરે અંદાજીત રકમ રૂ. ૮૦.૫૨ લાખ પૈકીની કેટલી રકમ બિલ્ડર્સ/ડેવલોપર્સ ને ફાળવવી અને તે રકમ કામના કયા કયા તબક્કે વુડાએ બિલ્ડર્સ/ડેવલોપર્સ ને ચુકવવી તે નિર્ણય થઈ આવવા અંગે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યોશ્રી સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૩) :**

(૧) વુડા હદના નોન ટી.પી. ના વિકસીત વિસ્તારોના ડ્રેનેજ, રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ વિગેરે પ્રશ્નોના નિરાકરણ બાબત. માન. કલેક્ટરશ્રી, વડોદરાના અધ્યક્ષ સ્થાનો તા. ૨૨/૦૬/૨૦૧૭ ના રોજ કલેક્ટર કચેરી ખાતે (અ) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા, (બ) નાયબ કલેક્ટરશ્રી, વડોદરા ગ્રામ્ય, (ક) ચેરમેનશ્રી, વુડા (ડ) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા તથા અન્ય અધિકારીશ્રીઓ સાથે યોજાયેલ મીટીંગના સ્પીકીંગ નિર્ણય મુજબ વુડાના ટી.પી. વિસ્તાર સિવાયના તમામ વિસ્તારના સઘળા પ્રશ્નોનું નિરાકરણની કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવાની રહેશે. સદર બાબતે વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચેરમેનશ્રી, વુડાએ જણાવતા, વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓએ નોન ટી.પી. વિસ્તારની સઘળી કામગીરી જીલ્લા પંચાયત, વડોદરાએ કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૨) વુડાની વિકસીત ટી.પી. સ્કીમમાં, વુડા ધ્વારા કેપીટલ કોસ્ટ તરીકે ડ્રેનેજને લગતી કામગીરી કરવી. પરંતુ વુડાની હદમાં આવતા નોન ટી.પી. માંના વિસ્તારો વડોદરા મહાનગર પાલિકાની હદમાં સમાવેશ થાય તે સમય ગાળા દરમ્યાન નોન ટી.પી. માંના વિસ્તારો ખાતેની ગટરો ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ બાબતે સરકારશ્રીમાં આ કામગીરી લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (LSG) તેમજ જ્યાં સુધી વુડાનો વિકસીત વિસ્તાર નજીકની LSG ને સોપાય ત્યાં સુધીનાં સમયગાળાને Incubation period ગણી, શહેરી વિકાસ વિભાગે નિર્ણય કરી LSG ને O.& M. ની કામગીરી કરવા વિશેષ ફંડ ફાળવવા સહિતની વ્યવસ્થા કરવા અંગેની દરખાસ્ત વુડાએ લગત વિભાગમાં કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) વુડા હદના બીલ-અટલાદરા રોડની આજુ-બાજુની સોસાયટીઓની ઉભરાતી ગટરના પ્રશ્નના કામ ચલાઉ નિરાકરણ બાબતે બીલ ગ્રામ પંચાયતે કન્સલ્ટન્ટ નિયુક્ત કરી સદર પ્રશ્નનો ટેકનિકલી ફિઝીબીલીટી રીપોર્ટ મેળવવો તથા ટેકનિકલી ફિઝીબલ રીપોર્ટ માન્ય રાખવાપાત્ર મળ્યેથી, તેનો અંદાજપત્ર તૈયાર કરાવવો અને બીલ ગ્રામ પંચાયતે તે અંદાજપત્ર વુડામાં રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. સદર હું તમામ વિગતો મળ્યા બાદ તે બાબતેનો મુદ્દો આગામી બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત (૧) થી (૩) અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૧૬) : વુડા વિસ્તારમાં મોજે ભાયલી ખાતે આવેલ નગર રચના યોજનાઓમાં એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે ભાયલી વિસ્તારમાં તબકકાવાર કુલ પાંચ નગર રચના યોજનાઓ બનાવવામાં આવેલ છે.જયારે અન્ય એક નગર રચના યોજના આયોજન હેઠળ છે.વુડા ધ્વારા બનાવેલ પાંચ નગર રચનાઓ પૈકી ચાર નગર રચના યોજનાઓ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧, ૨, ૩, ૪ સરકારશ્રી ધ્વારા પ્રારંભીક / આખરી મંજુર કરેલ છે.જેમાં વુડા ધ્વારા અમલીકરણના ભાગરૂપે અરજદારોના ફાઈનલ પ્લોટોના લેવડ દેવડની કામગીરી પુર્ણ કરેલ છે, ટી.પી. સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી પુર્ણ કરેલ છે તથા હાલમાં તેમાં ડ્રેનેજ લાઈનની કામગીરી પણ કરવામાં આવેલ છે. જયારે સરકારશ્રી ધ્વારા ડ્રાફ્ટ સ્ટેજે મંજુર કરેલ નગર રચના યોજના નં.૫ માં પણ ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી તેમાં ડ્રેનેજ લાઈન તથા કાર્પેટ રોડની કામગીરી પ્રગતીમાં છે. આમ ભાયલી વિસ્તારમાં તબકકાવાર પાંચ નગર રચના યોજના બનવાના કારણે તથા તેના અમલીકરણની કામગીરી થવાના કારણે આ વિસ્તારનો ખુબજ સુંદર અને ઝડપી વિકાસ થયેલ છે. જેમાં ટેનામેન્ટ ટાઈપ, લો-રાઈઝ, હાઈ-રાઈઝ, તેમજ સ્પેશીયલ સ્ટ્રકચર ટાઈપના બિલ્ડીંગનો ખુબજ મોટા પ્રમાણમાં બનેલ છે.આ ઉપરાંત આ વિસ્તારમાં નામાંકીત સ્કુલો, કોલેજો તથા હોસ્પીટલો પણ ડેવલોપ થયેલ છે. મલ્ટીપ્લેક્ષ મોલ પણ આ વિસ્તારમાં ધણા આકાર લઈ રહેલ છે.આમ ઝડપી અને સુંદર વિકાસના કારણે ધીમે ધીમે ખુબજ વસ્તી વધી રહેલ છે. વુડા ધ્વારા આ વિસ્તારમાં રોડ સર્કલ તથા ગાર્ડનના ડેવલોપમેન્ટની કામગીરી પણ હાથ ધરેલ છે. પરંતુ સ્ટ્રીટ લાઈટના અભાવે આ વિસ્તારમાં રાત્રે ખુબજ મુશ્કેલીઓ પડે છે, રોડ પર એકસીડન્ટ પણ ધણા થાય છે તથા રાત્રે ચોરી થવાનો પણ ભય વધુ રહે છે. આ સંજોગોમાં આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોની ખુબજ તાતી જરૂરીયાત છે. વુડા ધ્વારા આ અંગે અગાઉ વિવિધ આયોજનો વિચારેલ હતા.પરંતુ આ સુવિધાઓ ઉભી કર્યા બાદ તેમાં મેન્ટેનન્સની કામગીરી તથા તેના દર માસે આવતા લાઈટ બીલો ભરવાની કામગીરી વુડા કરી શકે તેમ ન હોવાથી તેનો અમલ કરેલ છે. હાલમાં સરપંચશ્રી, ભાયલી ગ્રામપંચાયત તથા તેના સભ્યો ધ્વારા આ સુવિધાઓ આપવા માટે રજુઆત કરેલ તેમાં વુડા જો આ સુવિધાઓ ઉપલબ્ધ કરી આપે તો તેની ત્યારબાદ તેની નિભાવણી તથા લાઈટ બીલ ભરવાની તમામ જવાબદારી તેઓ લેવા તૈયાર છે તે મુજબની રજુઆત કરેલ છે તથા તે અંગે અત્રેની કચેરીમાં રૂબરૂ થયેલ મીટીંગમાં પણ સંમતી આપેલ છે. આ સંજોગોમાં ભાયલીના આ વિસ્તારોમાં એલ.ઈ.ડી. ટાઈપની સ્ટ્રિટ લાઈટ નાખવાની કામગીરી માટે તથા તેનો પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે.જયેશ એ.દલાલ ને સોંપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૪૨૦ માં ઠરાવ્યા અનુસાર સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરીનો પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે.જયેશ એ.દલાલ ને કામગીરી સોંપવામાં આવેલ છે. ભાયલી ટી.પી નં ૧ થી ૫ તથા વાસણા – ભાયલી ૨૪ મીટર રોડ માં સ્ટ્રીટ લાઈટની સુવીધા આપવા કન્સલ્ટંટ ના પ્રાથમીક પ્રોજેકટ રીપોર્ટ મુજબ રૂા. અગીયાર કરોડ વીસ લાખ નો ખર્ચ થાય તેમ છે. આ ઉપરાંત ભાયલી ટી.પી નં ૧ અને ૨ માં બિલ્ડર એસોશિએશન ધ્વારા નાખેલ સ્ટ્રીટ લાઈટમાં એલ.ઈ.ડી બલ્બ નાખવાના થાય છે.

જેથી ભાયલી ટી.પી નં ૧ થી ૫ તથા વાસણા – ભાયલી ૨૪ મીટર રોડ માં નવીન સ્ટ્રીટ લાઈટ ની કામગીરી ઉપરાંત ભાયલી ટી.પી નં ૧ અને ૨માં એલ.ઈ.ડી બલ્બ નાખવાની કામગીરી કરાવવા તથા તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૪)** : ભાયલી ટી.પી નં ૧ થી ૫ તથા વાસણા – ભાયલી ૨૪ મીટર રોડ માં નવીન સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી ઉપરાંત ભાયલી ટી.પી નં ૧ અને ૨ મા હયાત થાંભલાઓને એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટ માં કન્વર્ટ કરવાની કામગીરીના કામોને અને તે અંગે થનાર ખર્ચને સૈધ્ધાંતીક મંજુરી આપવાનું ઠરાવવામાં આવ્યુ. Energy Efficent Service Limited (Under Taking Co. of Center Government) સદર પૈકીની જે કામગીરી કરતી હોય, તે કામગીરી Energy Efficent Service Limited મારફતે કરાવવી અને જે કામગીરી Energy Efficent Service Limited ન કરતી હોય તે તમામ કામગીરી વુડાએ કરાવવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામા આવી.

મુધ્દા નંબર (૧૭) : વુડા વિસ્તારમાં મોજે ભાયલી ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનના પ્રોજેકટ અંતર્ગત ડેવલપ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે ભાયલી વિસ્તારમાં તબકકાવાર કુલ પાંચ નગર રચના યોજનાઓ બનાવવામાં આવેલ છે. જયારે અન્ય એક નગર રચના યોજના આયોજન હેઠળ છે.વુડા ધ્વારા બનાવેલ પાંચ નગર રચનાઓ પૈકી ચાર નગર રચના યોજનાઓ ભાયલી ટી.પી.સ્કીમ નં.૧, ૨, ૩, ૪ સરકારશ્રી ધ્વારા પ્રારંભીક / આખરી મંજુર કરેલ છે.જેમાં વુડા ધ્વારા અમલીકરણના ભાગરૂપે અરજદારોના ફાઈનલ પ્લોટોના લેવડ દેવડની કામગીરી પુર્ણ કરેલ છે, ટી.પી. સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી પુર્ણ કરેલ છે તથા હાલમાં તેમાં ડ્રેનેજ લાઈનની કામગીરી પણ કરવામાં આવેલ છે. જયારે સરકારશ્રી ધ્વારા ડ્રાફ્ટ સ્ટેજે મંજુર કરેલ નગર રચના યોજના નં.૫ માં પણ ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી તેમાં ડ્રેનેજ લાઈન તથા કાર્પેટ રોડની કામગીરી પ્રગતીમાં છે. આમ ભાયલી વિસ્તારમાં તબકકાવાર પાંચ નગર રચના યોજના બનવાના કારણે તથા તેના અમલીકરણની કામગીરી થવાના કારણે આ વિસ્તારનો ખુબજ સુંદર અને ઝડપી વિકાસ થયેલ છે. જેમાં ટેનામેન્ટ ટાઈપ, લો-રાઈઝ, હાઈ-રાઈઝ, તેમજ સ્પેશીયલ સ્ટ્રકચર ટાઈપના બિલ્ડીંગો ખુબજ મોટા પ્રમાણમાં બનેલ છે.આ ઉપરાંત આ વિસ્તારમાં નામાંકીત સ્કુલો, કોલેજો તથા હોસ્પીટલો પણ ડેવલોપ થયેલ છે. ઘણા મલ્ટીપ્લેક્ષ મોલ પણ આ વિસ્તારમાં ઘણા આકાર લઈ રહેલ છે.આમ ઝડપી અને સુંદર વિકાસના કારણે ધીમે ધીમે ખુબજ વસ્તી વધી રહેલ છે.આ વિસ્તારમાં ભાયલી ગામનુ અંદાજે ૬.૮૫ હેકટરનુ મોટુ તળાવ આવેલ છે. જે ભાયલીની ચાર ટી.પી.સ્કીમો વચ્ચે તથા ભાયલી ગામને અડીને આવેલ છે. જો આ તળાવને ડેવલપ કરવામાં આવે તો આ વિસ્તારમાં પીકનીક સ્પોટ ડેવલપ થાય તેમ છે. સરપંચશ્રી, ભાયલી ગ્રામપંચાયત તથા તેઓના સભ્યોની રજુઆતો મુજબ વુડા ધ્વારા જો આ તળાવ ડેવલપ કરવામાં આવે તો ત્યારબાદ તેના મેન્ટેનન્સ તથા તેની અન્ય જવાબદારી તેઓ સ્વીકારવા તૈયાર છે. આ સંજોગોમાં ભાયલી ગામના તળાવને ડેવલપ કરવાની કામગીરી તથા તે અંગેનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે.જયેશ એ.દલાલ ને ને સોંપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૪૨૧ માં ઠરાવ્યા અનુસાર મોજે ભાયલી ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનના પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે.જયેશ એ.દલાલ ને કામગીરી સોંપવામાં આવેલ છે. મોજે ભાયલી ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનની કામગીરી માટે કન્સલ્ટંટ ના પ્રાથમીક પ્રોજેકટ રીપોર્ટ મુજબ રૂ. દસ કરોડનો ખર્ચ થશે. તે કામગીરી કરાવવાની મંજુરી અર્થે તથા થનાર ખર્ચ મંજુર કરવા અંગેનો મુદૃો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૫)** : મોજે ભાયલી ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનના પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે.જયેશ એ.દલાલને સોંપીને, કરાવેલ કામગીરીને બહાલી આપવામાં આવી. તથા મોજે ભાયલી ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનની કામગીરી માટે કન્સલ્ટંટ ના પ્રાથમીક પ્રોજેકટ રીપોર્ટ મુજબ રૂ. દસ કરોડના કામને અને તે અંગે થનાર ખર્ચને સૈધ્ધાંતીક મંજુરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

મોજે ભાયલી ગામના તળાવની પાસેના કાચા-પાકા મકાનો પી.પી.પી ધોરણે પુન: સ્થાપિત કરવા માટે જરૂર જણાય તો ગુજરાત ગ્રામ્ય ગ્રુહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર ને સાથે રાખી અથવા તેમના મારફતે જરૂરી સઘળી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યુ. પી.પી.પી ધોરણે પુન: સ્થાપિત કરવા માટે જરૂર જણાય તો વુડાએ આર્થિક અને સામાજીક રીતે પછાત વર્ગના વસવાત માટે નગર રચના યોજનામાં અનામત રાખેલ ફાઈનલ પ્લોટો પણ ફાળવવા તેમ ઠરાવવામાં આવ્યુ.

આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામા આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદા નં.( ૧) વુડા કચેરીમાં કોર્ટ કચેરીને લગતા કામો માટે લીગલ એડવાઈઝરની નિમણુંક કરવા બાબત.**

વુડાની વિકાસ યોજનામાં આવેલ વડોદરા મહાનગર સેવાસદન સહિતના વિસ્તારમાં ઝોન અંગે જી.ડી.સી.આરના નિયમો અંગે, બીન અધિકૃત બાંધકામો પરત્વે, નાગરિક સુવિધાના કામો પરત્વે તથા વુડાની માલીકીની જમીનો અંગે સુપ્રિમકોર્ટ, હાઈકોર્ટ તથા ડીસ્ટ્રીકટ કોર્ટમાં થયેલ કોર્ટ કેસો માટે વુડા વતી હાજર રહી રજુઆત કરવા અત્રેથી એડવોકેટશ્રીઓની પેનલ નકકી કરેલ છે. પરંતુ અત્રે આવતા કેસો પરત્વે વુડા પેનલના સબંધિત એડવોકેટ સાથે સંકલન કરી કરવાની થતી, કેસની સમરી, પેરાવાઈઝ પૂર્તતા તથા એફીડેવીટ વગેરેની કામગીરીમાં મદદરૂપ થાય તે માટે અત્રેની કચેરીમાં લીગલ બાબતોના કોઈ જાણકાર ન હોવાને કારણે આવી કામગીરીમાં કર્મચારીઓના સમયનો વ્યય થાય છે. આથી કોર્ટ કેસોને લગતા કેશોના કામ માટે કાયદાના જાણકાર કર્મચારીની કચેરીમાં નિમણૂક કરવામાં આવે તો તેઓ ધ્વારા એડવોકેટશ્રી સાથે તથા જે તે સંલગ્ન વિભાગ સાથે સંકલનમાં રહી કામગીરી સરળતાથી થઈ શકે તેમ છે. સરકારશ્રીન શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાકઃ યુડીએ-૧૦૨૦૧૩-૨૯૨૯-વી, તા.૦૪/૦૩/૨૦૧૪ થી અત્રેના સત્તામંડળ માટે લીગલ એડવાઈઝરની ૧ જગ્યા સીધી ભરતી / આઉટસોર્સથી ભરવા મંજુરી આપેલ છે. જે ધ્યાને લઈ સત્તામંડળની કચેરીમાં લીગલ એડવાઈઝરની નિમણુંક કરવા માટે કરવાની થતી કાર્યવાહીની મંજુરી આપવા તથા આ જગ્યાની ભરતીની પ્રક્રિયા નકકી કરવા માટે ચર્ચાવિચારણાકરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૬)** : સત્તામંડળ માટે લીગલ એડવાઈઝરની નિમણુંક માટે અન્ય સત્તામંડળો માં શુ કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની વિગતો મેળવી લીગલ એડવાઈઝરની નિમણુક આઉટસોર્સથી કરવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદા નંબર (૨) : અધ્યક્ષશ્રી વુડાને માનદ વેતન આપવા બાબત.**

અધ્યક્ષશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચએન/૧૪-૨૦૧૦/૧૦૨૦૦૫-સીએમ-૩૦-વી તા.૨૦-૦૧-૨૦૧૦ થી નિમણુંક થતા તેઓશ્રી તા.૨૧-૦૧-૨૦૧૦ ના રોજ થી અધ્યક્ષશ્રીનો હવાલો સંભાળેલ છે. ત્યારબાદ તેઓની નિમણુંકને ૩-વર્ષ ઉપરનો સમય થતા તા.૦૯-૧૨-૨૦૧૪ ના રોજ રાજીનામું આપેલ ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૦૦ ઓફ ૨૦૧૫/ યુડીએ/૧૦૨૦૦૫-સીએમ-૩૦-વી તા.૧૯-૦૨-૨૦૧૫ થી તેઓની અધ્યક્ષશ્રી વુડા તરીકે ૩-વર્ષ માટે નિમણૂંક થતા તા.૨૦-૦૨-૨૦૧૫ ના રોજ અધ્યક્ષશ્રી વુડાનો હવાલો સંભાળેલ છે. અધ્યક્ષશ્રી વુડાએ અગાઉ માનદ વેતન સ્વીકારેલ ન હોય તેઓને મળવાપાત્ર થતા માનદ વેતનની રકમ મેળવવા માટે વુડામાં હાજર થયા તારીખથી મળવા માટે માંગણી કરેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : યુડીએ-૧૨૯૦-૨૩૦૩-ક, તા.૧૬-૪-૧૯૯૧ થી શહેરી / વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષશ્રીઓ માટે રૂા.૨૫૦૦/- થી વધુ નહી તેટલું માનદ વેતન તથા ઠરાવ ક્રમાંક : આપવા : યુડીએ-૧૨૯૦-૨૩૦૩-ક, તા.૧૭-૧-૧૯૯૨ થી ઔડા અને વુડાના અધયક્ષશ્રીઓને માસિક ઘરભાડા ભથ્થા તરીકે રૂા.૭૨૫/- ચૂકવવાના ઠરાવવામાં આવેલ છે. તેમજ નાણાં વિભાગના તા.૧૬-૦૯-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(૧)/અ થી તા.૦૧-૦૯-૨૦૧૪ થી માનદ વેતનના દરમાં સુધારો કરી અધ્યક્ષશ્રીઓને રૂા.૧૫૦૦૦/- માસિક માનદ વેતન ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે. તેમજ નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : જનવ/૧૦-૨૦૧૪/૪૭૩૯૦૨(૨)/અ તા.૧૬-૦૯-૨૦૧૪ થી અધ્યક્ષશ્રીઓને નાયબ સચિવશ્રી કક્ષાના અધિકારીના પગાર ધોરણના મહત્તમ દરે મળવાપાત્ર ઘરભાડા ભથ્થુ તા. ૦૧-૦૯-૨૦૧૪ થી અમલમાં આવે તે રીતે આપવાનું ઠરાવવામાં આવેલ છે.

સબબ ઉપરોકત વિગતે અધ્યક્ષશ્રીએ તેઓને મળવાપાત્ર માનદ વેતનની રકમ અગાઉ સ્વીકારેલ ન હોઈ તા.૨૧-૦૧-૨૦૧૦ થી ૦૯-૧૨-૨૦૧૪ તથા તા.૨૦-૦૨-૨૦૧૫ થી દર માસે માનદ વેતન + માસિક ઘરભાડાની રકમ ચૂકવવાની થાય છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ડરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૭)**: અધ્યક્ષશ્રી વુડાએ માનદ વેતન ની રકમ અગાઉ સ્વીકારેલ ન હોઈ તા.૨૧-૦૧-૨૦૧૦ થી ૦૯-૧૨-૨૦૧૪ તથા તા.૨૦-૦૨-૨૦૧૫ થી દર માસે સરકારશ્રી ધ્વારા નકકી કરેલા દરે માનદ વેતન + માસિક ઘરભાડાની રકમ ચૂકવવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળનીકાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુધ્દા નંબર (૩) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ નગર રચના યોજના હેઠળ સંપ્રાપ્ત થયેલ પ્લોટોના નિકાલ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને નગર રચના યોજના હેઠળ સંપ્રાપ્ત થયેલ મોજે ભાયલી, સેવાસી, વેમાલી તથા પાદરાના પ્લોટોના ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા બાબતે સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ જેમાં ઓફર સ્વિકારવાની છેલ્લી તા.૩૧/૦૮/૨૦૧૭ સુધીમાં કુલ-૨૪ ટેન્ડર અત્રેની કચેરીમાં મળેલ હતા. આવેલ ટેન્ડરો તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજ બપોરના ૧૫ : ૦૦ કલાકે વુડા કચેરીના અધિકારીઓ તથા હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં ટેન્ડરો ખોલવામાં આવેલ, જેની વિગત નીચે મુજબ છે.

| અનુ. નંબર | ટેન્ડોરનુ નામ / સરનામું અને કોન્ટેક્ટ નંબર | ટી.પી. સ્કીકમનું નામ | ફાયનલ પ્લોટ નંબર એરીયા | હેતુ | તળીયાની રકમ પ્રતિ ચો.મી. | ટેન્ડરરે ઓફર કરેલ રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પ્રતિ ચો.મી. | હરાજીમાં ગ્રાહય રાખેલ ભાવ | પ્લોટની કુલ રકમ |
| ૧ | એમ. કે. સી. ઇન્ફ્રાસ્ટ્રકચર લી. ના વ.કર્તા બાભનીયા પારસકુમાર રમેશભાઇ | વેમાલી-૧ | ૧૭<br>૩૬૧ ચો.મી. | રહેણાંક | ૪૦,૬૧૮.૦૦ | ૪૦,૬૨૬.૦૦ | ૪૦,૬૨૬.૦૦ | ૧,૪૬,૬૫,૯૮૬.૦૦ |
| ૨ | શ્રી રવિ અશોકભાઇ આહીર | વેમાલી-૧ | ૧૭<br>૩૬૧ ચો.મી. | રહેણાંક | ૪૦,૬૧૮.૦૦ | ૪૦,૬૨૦.૦૦ | --- | ૧,૪૬,૬૩,૮૨૦.૦૦ |
| ૩ | કેશવ કોર્પોરેશનના વ.કર્તા શ્રી મનિષ રાજેશ પંડિત | વેમાલી-૧ | ૧૨૧<br>૧૩૨૮ ચો.મી. | વાણિજય | ૩૮,૨૫૫.૦૦ | ૩૮,૩૦૦.૦૦ | --- | ૫,૦૮,૬૨,૪૦૦.૦૦ |
| ૪ | શ્રી અંકિત પિયુષ પટેલ | વેમાલી-૧ | ૧૨૧<br>૧૩૨૮ ચો.મી. | વાણિજય | ૩૮,૨૫૫.૦૦ | ૩૮,૨૭૦.૦૦ | --- | ૫,૦૮,૨૨,૫૬૦.૦૦ |
| ૫ | શ્રી મહેન્દુ સમીર રમેશચંદ્ર તથા અન્ય | વેમાલી-૧ | ૧૨૧<br>૧૩૨૮ ચો.મી. | વાણિજય | ૩૮,૨૫૫.૦૦ | ૩૮,૩૫૫.૦૦ | ૩૯,૦૦૦.૦૦ | ૫,૧૭,૯૨,૦૦૦.૦૦ |
| ૬ | શ્રી અસરાની રાજેશ ઘાલુમલ તથા અન્ય | ભાયલી-૪ | ૧૨૬<br>૯૫૦ ચો.મી. | વાણિજય | ૩૬,૮૪૫.૦૦ | ૩૬,૮૫૦.૦૦ | ૩૬,૮૫૦.૦૦ | ૩,૫૦,૦૭,૫૦૦.૦૦ |
| ૭ | મલેક આસ્મીનાબાનુ મોઇનુદીન વિગેરે | પાદરા-૨ | ૬૯<br>૧૩૫૪ચો.મી. | સ્થા. વાણિજય | ૨૯,૭૩૬.૦૦ | ૨૯,૭૩૭.૦૦ | --- | ૪,૦૨,૬૩,૮૯૮.૦૦ |
| ૮ | મારૂતિ એન્ટર પ્રાઇઝના વ.ક. પટેલ ઠાકોરભાઇ છગનભાઇ વિગેરે | પાદરા-૨ | ૬૯<br>૧૩૫૪ચો.મી. | સ્થા. વાણિજય | ૨૯,૭૩૬.૦૦ | ૨૯,૭૪૦.૦૦ | ૨૯,૭૪૦.૦૦ | ૪,૦૨,૬૭,૯૬૦.૦૦ |
| ૯ | શ્રીજી ઇન્ફ્રાસ્ટ્રકચર (સુચીત ભગીદાર પેઢી)ના ભાગીદાર શ્રીજી સ્પેસલીંકસ પ્રા.લી.ના ડીરેકટર શ્રી રૂપારેલીયા ધવલકુમાર હર્ષકાન્તભાઇ | ભાયલી-૧ | ૧૦૭<br>૧૮૫૭ચો.મી. | રહેણાંક | ૩૫,૪૪૨.૦૦ | ૩૫,૪૪૪.૦૦ | ૩૫,૪૪૪.૦૦ | ૬,૫૮,૧૯,૫૦૮.૦૦ |
| ૧૦ | શ્રી પ્રદિપકુમાર તારાચંદ મિત્તલ | ભાયલી-૧ | ૧૧૫<br>૩૪૯૯ ચો.મી. | રહેણાંક | ૪૦,૨૦૩.૦૦ | ૪૦,૨૧૮.૦૦ | ૪૦,૨૧૮.૦૦ | ૧૪,૦૭,૨૨,૭૮૨.૦૦ |
| ૧૧ | શ્રી મનોજભાઇ જશભાઇ પટેલ | ભાયલી-૧ | ૧૧૫<br>૩૪૯૯ ચો.મી. | રહેણાંક | ૪૦,૨૦૩.૦૦ | ૪૦,૨૦૫.૦૦ | | ૧૪,૦૬,૭૭,૨૯૫.૦૦ |
| ૧૨ | વિશ્વકર્મા એન્જીનીયર્સ પ્રોપરાઇટર શ્રી વરૂણ વી. પંચાલ ૩,૪,૫, તિલક પાર્ક સોસાયટી, સંગમ સોસાયટી સામે, હરણી, વડોદરા | ભાયલી-૧ | ૧૧૮<br>૫૬૦૧ ચો.મી. | વાણિજય | ૩૮,૪૦૪.૦૦ | ૩૮,૫૦૦.૦૦ | | ૨૧,૫૬,૩૮,૫૦૦.૦૦ |
| ૧૩ | કાબીલ બિલ્ડકોન સોલ્યુશનપ્રા.લી. વ.ક. શ્રી વિક્રમ કે. રાવલ ૧, શિવાંસુ બંગલોક, અર્જુન હાઇટસ, વાસના રોડ, વડોદરા | ભાયલી-૧ | ૧૧૮<br>૫૬૦૧ ચો.મી. | વાણિજય | ૩૮,૪૦૪.૦૦ | ૩૮,૮૫૦.૦૦ | | ૨૧,૭૫,૯૮,૮૫૦.૦૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ફોર્ચ્યુન કોર્પોરેશન ના વ.ક.શ્રી ઇશ્વરભાઇ ગાડાલાલ સુથાર એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૧ | ૧૧૮<br>૫૬૦૧ ચો.મી. | વાણિજ્ય | ૩૮,૪૦૪.૦૦ | ૩૮,૪૧૦.૦૦ | ૩૮,૯૫૦.૦૦ | ૨૧,૮૧,૫૮,૯૫૦.૦૦ |
| ૧૫ | વિશ્વકર્મા એન્જીનીયર્સ પ્રોપરાઇટર શ્રી વરૂણ વી. પંચાલ ૩,૪,૫, તિલક પાર્ક સોસાયટી, સંગમ સોસાયટી સામે, હરણી, વડોદરા | ભાયલી-૧ | ૧૨૪<br>૪૯૭૭ ચો.મી. | રહેણાંક | ૩૯,૧૮૫.૦૦ | ૩૯,૨૮૫.૦૦ | | ૧૯,૫૫,૨૧,૪૪૫.૦૦ |
| ૧૬ | કાબીલ બિલ્ડકોન સોલ્યુશનપ્રા.લી. વ.ક. શ્રી વિક્રમ કે. રાવલ ૧, શિવાંસુ બંગલોક, અર્જુન હાઇટસ, વાસના રોડ, વડોદરા | ભાયલી-૧ | ૧૨૪<br>૪૯૭૭ ચો.મી. | રહેણાંક | ૩૯,૧૮૫.૦૦ | ૩૯,૪૮૫.૦૦ | ૩૯,૪૮૫.૦૦ | ૧૯,૬૫,૧૬,૮૪૫.૦૦ |
| ૧૭ | શ્રીજી ઇન્ફ્રાસ્ટ્રકચર (સુચીત ભગીદાર પેઢી)ના ભાગીદાર શ્રીજી સ્પેસલીંકસ પ્રા.લી.ના ડીરેકટર શ્રી રૂપારેલીયા ધવલકુમાર હર્ષકાન્તભાઇ | ભાયલી-૨ | ૧૧૭<br>૧૫૨૧ ચો.મી | વાણિજ્ય | ૪૦,૫૪૧.૦૦ | ૪૦,૫૫૦.૦૦ | | ૬,૧૬,૭૬,૫૫૦.૦૦ |
| ૧૮ | વીઝન રીયાલીટીના ભાગીદારશ્રી વ.ક.પટેલ રમણભાઇ ધુરજીભાઇ એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૨ | ૧૧૭<br>૧૫૨૧ ચો.મી | વાણિજ્ય | ૪૦,૫૪૧.૦૦ | ૪૦,૫૭૫.૦૦ | | ૬,૧૭,૧૪,૫૭૫.૦૦ |
| ૧૯ | વીઝન ઇન્ફ્રા વ.ક. શ્રી પટેલ વિજયભાઇ બાબુભાઇ એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૨ | ૧૧૭<br>૧૫૨૧ ચો.મી | વાણિજ્ય | ૪૦,૫૪૧.૦૦ | ૪૦,૬૦૦.૦૦ | | ૬,૧૭,૫૨,૬૦૦.૦૦ |
| ૨૦ | શ્રી મીરુત એન. પટેલ ૧૧૦, ૧૧૧, સંતોષનગર, નિઝામપુરા, વડોદાર | ભાયલી-૨ | ૧૧૭<br>૧૫૨૧ ચો.મી | વાણિજ્ય | ૪૦,૫૪૧.૦૦ | ૪૧,૧૫૭.૧૩ | ૫૦૩૫૧.૦૦ | ૭,૬૫,૮૩,૮૭૧.૦૦ |
| ૨૧ | વીઝન ઇન્ફ્રા ના ભાગીદાર શ્રી પટેલ વિજયભાઇ બાબુભાઇ એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૨ | ૧૦૭<br>૧૫૯૬ ચો.મી | વાણિજ્ય | ૪૦,૭૬૮.૦૦ | ૪૦,૭૮૦.૦૦ | ૪૦,૮૦૫.૦૦ | ૬,૫૧,૨૪,૭૮૦.૦૦ |
| ૨૨ | વીઝન રીયાલીટીના ભાગીદાર શ્રી રમણભાઇ ધુરજીભાઇ પટેલ એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૨ | ૧૦૭<br>૧૫૯૬ ચો.મી | વાણિજ્ય | ૪૦,૭૬૮.૦૦ | ૪૦,૮૦૦.૦૦ | | ૬,૫૧,૧૬,૮૦૦.૦૦ |
| ૨૩ | શ્રી રાહુલકુમાર બી. માલાની ડી-૯૦૨, સિલ્વર મેટસ અપાર્ટમેન્ટ, ભાયલી, વડોદરા | ભાયલી-૨ | ૧૦૭<br>૧૫૯૬ ચો.મી | વાણિજ્ય | ૪૦,૭૬૮.૦૦ | ૪૦,૭૭૦.૦૦ | | ૬,૫૦,૬૮,૯૨૦.૦૦ |
| ૨૪ | શ્રી કસ્યપ ભાર્ગવરાય પંડયા | ભાયલી-૪ | ૮૩<br>૪૫૪ ચો.મી | રહેણાક | ૩૪,૮૦૭.૦૦ | ૩૫,૦૨૨.૦૨ | ૩૫,૦૨૨.૦૨ | ૧,૫૮,૯૯,૯૯૭.૦૮ |

પત્રકના અનુ નં.૧ અને ૨ ના ટેન્ડરરોએ વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૭ ની ૩૬૧ ચો.મી. માટે બે ટેન્ડર મળેલ છે જેમાં અનુ નં.૧ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૬૨૬/- તથા અનુ.નં.૨ ના પ્રતિ ચો.મી.ના રૂા.૪૦,૬૨૦/- ની ઓફર કરેલ છે. જે બાબતે બંને ટેન્ડરરોને હરાજીમાં બોલી બોલવા જણાવતા અનુ નં.૨ ના ટેન્ડરર હરાજીમાં બોલી બોલવા અંગે સંમતી દર્શાવેલ નથી. જેથી અનુ.નં.૧ ના ટેન્ડરરનો ભાવ રૂા.૪૦,૬૨૬/-લેખે રૂા.૧,૪૬,૬૫,૯૮૬/-ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૩ થી ૫ ના ટેન્ડરરોનાં વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૨૧ ની ૧૩૨૮ ચો.મી. માટે ત્રણ ટેન્ડર મળેલ છે જેમાં અનુ નં.૩ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૩૦૦/-, અનુ નં.૪ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૨૭૦/- તથા અનુ નં.૫ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૩૫૫/-ની ઓફર કરેલ છે. જે બાબતે ત્રણેય ટેન્ડરરોએ સદરહું પ્લોટ માટે હરાજીમાં બોલી બોલવા સંમતી આપતા હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. અનુ નં.૪ ના ટેન્ડરરે હરાજીમાં બોલી બોલવા અંગે સંમતી દર્શાવેલ નથી. જેથી

અનુ.નં.૩ તથા ૫ ના ટેન્ડરરો વચ્ચે હરાજી થઇ જેમાં પ્રથમ અનુ નં.૩ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૫૦૦/- તથા અનુ નં.૫ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૬૦૦/- ના ભાવની બોલી બોલેલ, ત્યાર બાદ બીજી વખત અનુ નં.૩ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૩૮૯૦૦/- ની બોલી બોલેલ ત્યારબાદ અનું નં.૫ ના ટેન્ડરરે રૂા.૩૯,૦૦૦/-ની બોલી બોલેલ જયારે ત્રીજી વખત અનુ નં.૩ ના ટેન્ડરરને રૂા.૩૯૦૦૦/- ની ઉપર બોલી બોલવા જણાવતા તેઓએ રૂા.૩૯૦૦૦/- ની ઉપર બોલી બોલવાનુ ના પાડતા અનુ નં.૫ ના ટેન્ડરરનો ભાવ પ્રતિ ચો.મી.ના રૂા.૩૯૦૦૦/- લેખે પ્લોટની કુલ ઓફર રકમ રૂા.૫,૧૭,૯૨,૦૦૦/-ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૭ અને ૮ ના ટેન્ડરરોનાં પાદરા ટી.પી.સ્કીમ નં.૨ ના ફાયનલ પ્લોટ નં.૬૯ ની ૧૩૫૪ ચો.મી. માટે બે ટેન્ડર મળેલ છે જેમાં અનુ નં.૭ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૨૯૭૩૭/-તથા અનુ.નં.૮ ના પ્રતિ ચો.મી.ના રૂા.૨૯૭૪૦/- ની ઓફર કરેલ છે. જે બાબતે બંને ટેન્ડરરોને હરાજીમાં બોલી બોલવા જણાવતા અનુ નં.૭ ના ટેન્ડરર હરાજીમાં બોલી બોલવા અંગે સંમતી દર્શાવેલ નથી. જેથી અનુ.નં.૮ ના ટેન્ડરરનો ભાવ રૂા.૨૯,૭૪૦/-લેખે પ્લોટની કુલ ઓફર રૂા.૪,૦૨,૬૭,૯૬૦/-ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૧૦ અને ૧૧ ના ટેન્ડરરોનાં ભાયલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૧૫ ની ૩૪૯૯ ચો.મી. માટે બે ટેન્ડર મળેલ છે જેમાં અનુ નં.૧૦ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૨૧૮/-તથા અનુ.નં.૧૧ ના પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૨૦૫/- ની ઓફર કરેલ છે. જે બાબતે બંને ટેન્ડરરોને હરાજીમાં બોલી બોલવા જણાવતા અનુ નં.૧૧ ના ટેન્ડરર હરાજીમાં બોલી બોલવા અંગે સંમતી દર્શાવેલ નથી. જેથી અનુ.નં.૧૦ ના ટેન્ડરરનો ભાવ રૂા.૪૦,૨૧૮/-લેખે પ્લોટની કુલ ઓફર રૂા.૧૪,૦૭,૨૨,૭૮૨/-ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૨૧ થી ૨૩ ના ટેન્ડરરોનાં ભાયલી ટી.પી.સ્કીમ નં.૨ ના ફાયનલ પ્લોટ નં.૧૦૭ ની ૧૫૯૬ ચો.મી. માટે ત્રણ ટેન્ડર મળેલ છે જેમાં અનુ નં.૨૧ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૭૮૦/-, અનુ નં.૨૨ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૮૦૦/- તથા અનુ નં.૨૩ ના ટેન્ડરરે પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૭૭૦/-ની ઓફર કરેલ છે. જે બાબતે ત્રણેય ટેન્ડરરોએ હરાજીમાં બોલી બોલવા સંમતી આપતા સદરહું પ્લોટની હરાજીની પ્રક્રિયા શરૂ કરી પ્રથમ બોલી અનુ નં.૨૧ ના ટેન્ડરરે હરાજીમાં ભાગ લેતા પ્રતિ ચો.મી. ના રૂા.૪૦,૮૦૫/- ની બોલી બોલેલ ત્યારબાદ અનું નં.૨૨ અને ૨૩ ના ટેન્ડરો રૂા.૪૦,૮૦૫/- ના ભાવ કરતા વધુ બોલી બોલવાનુ ના પાડતા અનુ નં.૨૧ ના ટેન્ડરરનો ભાવ પ્રતિ ચો.મી.ના રૂા.૪૦૮૦૫/- લેખે પ્લોટની કુલ ઓફર રૂા.૬,૫૧,૨૪,૭૮૦/- ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૬ ના ટેન્ડરરે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફાયનલ પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી. માટે પ્રતિ ચો.મી.ના રૂા.૩૬,૮૪૫/- ની તળિયાની કિંમત સામે રૂા.૩૬૮૫૦/- ની ઓફર કરેલ છે.

અનુ નં.૯ ના ટેન્ડરરે ભાયલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૦૭ ની ૧૮૫૭ ચો.મી. માટે પ્રતિ ચો.મી.ના રૂા.૩૫૪૪૨/- ની તળિયાની કિંમત સામે રૂા.૩૫૪૪૪/- ની ઓફર કરેલ છે.

અનુ નં.૨૪ ના ટેન્ડરરે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફાયનલ પ્લોટ નં.૮૩ ની ૪૫૪ ચો.મી. માટે પ્રતિ ચો.મી.ના રૂા.૩૪૮૦૭/- ની તળિયાની કિંમત સામે રૂા.૩૫૦૨૨.૦૨/- ની ઓફર કરેલ છે.

આમ અનુ નં.૬, ૯ અને ૨૪ ના ટેન્ડરરો ધ્વારા જે તે પ્લોટ માટે સીંગલ ટેન્ડર મળેલ છે. વુડા ધ્વારા પ્લોટોના ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા અંગે અગાઉ પ્રથમ વખત તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ તથા બીજી વખત તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજ ટેન્ડરીંગ પ્રક્રિયા કરેલ છે. બંને વખતની ટેન્ડરીંગ પ્રક્રિયામાં સદરહું પ્લોટોનો નિકાલ માટે ટેન્ડર કોપીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ, આ પ્લોટોના નિકાલ માટે આ ત્રીજો પ્રયત્ન છે. જે બાબતે તા.૧૦/૦૫/૨૦૧૭ ની વુડા બોર્ડ બેઠક નં.૨૩૨ માં અધ્યક્ષ સ્થાનના મુધ્દા નં.૨ ના ઠરાવ ક્રમાક : (૨૪૨૭) માં ઠરાવ્યા મુજબ ત્રીજા તથા ત્યારબાદના પ્રયત્નમાં પણ જો સીંગલ ટેન્ડર મળે તો તેની ઓફર ગ્રાહય રાખવા ઠરાવવામાં આવેલ છે.

ઉકત ઠરાવની જોગવાઇને ધ્યાને લઇ અનુ નં.૬ ના ટેન્ડરની ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફાયનલ પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી.ના પ્રતિ ચો.મી.ના રૂા.૩૬૮૫૦/- લેખે પ્લોટની કુલ રૂા.૩,૫૦,૦૭,૫૦૦/- ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૯ ના ટેન્ડરરે ભાયલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૦૭ ની ૧૮૫૭ ચો.મી. ના પ્રતિ ચો.મી.ના રૂા.૩૫,૪૪૪/- લેખે પ્લોટની કુલ રૂા.૬,૫૮,૧૯,૫૦૮/- ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

અનુ નં.૨૪ ના ટેન્ડરરે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફાયનલ પ્લોટ નં.૮૩ ની ૪૫૪ ચો.મી. ના પ્રતિ ચો.મી.ના રૂા.૩૫૦૨૨.૦૨ લેખે પ્લોટની કુલ રૂા.૧,૫૮,૯૯,૯૯૭.૦૮ **i.e.** રૂા.૧,૫૯,૦૦,૦૦૦/- ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે.

પત્રકના અનુ નં.૧૨ થી ૧૪ ટેન્ડરરોની ભાયલી ટી.પી.સ્કીમ નં.૧ ના ફાયનલ પ્લોટ નં.૧૧૮ ની ૫૬૦૧ ચો.મી. તથા અનુ નં.૧૭ થી ૨૦ ના ટેન્ડરરોનાં ભાયલી ટી.પી.સ્કીમ નં.૨ ના ફાયનલ પ્લોટ નં.૧૧૭ ની ૧૫૨૧ ચો.મી. જમીન માટેના ટેન્ડરરોએ સદરહું પ્લોટોની હરાજી તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજ કરવા માટે અસંમતી દર્શાવતા સદરહું પ્લોટોની તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ૧૬ : ૩૦ કલાકે હરાજી રાખવામાં આવેલ. જેમાં ભાયલી ટી.પી.સ્કીમના ફા.પ્લોટ નં.૧૧૮ ની ૫૬૦૧ ચો.મી. માટે અનુક્રમ નં.૧૪ ના ફોર્ચ્યુન કોર્પોરેશનના વ.ક.શ્રી ઇશ્વરભાઇ ગાડાલાલ સુથારએ રૂા.૩૮૯૫૦/-ની મહત્તમ બોલી બોલતા ૫૬૦૧ ચો.મી.ના રૂા. ૩૮૯૫૦/- લખે રૂા.૨૧,૮૧,૫૮,૯૫૦/- ની ઓફર ગ્રાહય રાખવામાં આવેલ છે. તેમજ ભાયલી ટી.પી નં.૨ ના એફ.પી.નં. ૧૧૭ ની ૧૫૨૧ ચો.મી. માટે મહત્તમ બોલી બોલનાર અનુક્રમ નં.૨૦ ના શ્રી મીરુત.એન.પટેલ ની મહત્તમ ઓફર રૂા.૫૦૩૫૧/- મંજુર કરી પ્લોટની કુલ ઓફર રૂા.૭,૬૫,૮૩,૮૭૧/- ગ્રાહય રાખવામાં આવેલ.

ઉપરોકત વિગતે વિવિધ નગર રચના યોજના હેઠળ સંપ્રાપ્ત થયેલ પ્લોટોના ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે કરેલ કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૮):** સત્તામંડળને વિવિધ નગર રચના યોજના હેઠળ સંપ્રાપ્ત થયેલ મોજે ભાયલી, સેવાસી તથા પાદરાના પ્લોટોનો ટેન્ડર કમ હરાજી ધ્વારા નિકાલ કરવા અંગે થયેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આપી નીચે દર્શાવેલ **ઓ**ફર આપનાર ટેન્ડરરોને પ્લોટફાળવણી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તેમજ આ અંગેની આગની કાર્યવાહી કરવાની સત્તા મુખ્યકારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

| અનુ. નંબર | ટેન્ડોરનુ નામ / સરનામું અને કોન્ટેકંક નંબર | ટી.પી. સ્કીમનું નામ | ફાયનલ પ્લોટ નંબર એરીયા | હેતુ | તળીયાની રકમ પ્રતિ ચો.મી. | હરાજીમાં ટેન્ડરરે ઓફર કરેલ રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પ્રતિ ચો.મી. | ગ્રાહય રાખેલ ભાવ | પ્લોટની કુલ રકમ |
| ૧ | એમ. કે. સી. ઇન્ફ્રાસ્ટ્રકચર લી.ના વ.કર્તા બાભનીયા પારસકુમાર રમેશભાઇ | વેમાલી-૧ | ૧૭ ૩૬૧ ચો.મી. | રહેણાંક | ૪૦,૬૧૮.૦૦ | ૪૦,૬૨૬.૦૦ | ૪૦,૬૨૬.૦૦ | ૧,૪૬,૬૫,૯૮૬.૦૦ |
| ૨ | શ્રી મહેન્દ્ર સમીર રમેશચંદ્ર તથા અન્ય | વેમાલી-૧ | ૧૨૧ ૧૩૨૮ ચો.મી. | વાણિજય | ૩૮,૨૫૫.૦૦ | ૩૮,૩૫૫.૦૦ | ૩૯,૦૦૦.૦૦ | ૫,૧૭,૯૨,૦૦૦.૦૦ |
| ૩ | શ્રી અસરાની રાજેશ ઘાલુમલ તથા અન્ય | ભાયલી-૪ | ૧૨૬ ૯૫૦ ચો.મી. | વાણિજય | ૩૬,૮૪૫.૦૦ | ૩૬,૮૫૦.૦૦ | ૩૬,૮૫૦.૦૦ | ૩,૫૦,૦૭,૫૦૦.૦૦ |
| ૪ | મારૂતિ એન્ટર પ્રાઇઝના વ.ક.પટેલ ઠાકોરભાઇ છગનભાઇ વિ. | પાદરા-૨ | ૬૯ ૧૩૫૪ચો.મી. | સ્થા. વાણિજય | ૨૯,૭૩૬.૦૦ | ૨૯,૭૪૦.૦૦ | ૨૯,૭૪૦.૦૦ | ૪,૦૨,૬૭,૯૬૦.૦૦ |
| ૫ | શ્રીજી ઇન્ફ્રાસ્ટ્રકચર (સુચીત ભગીદાર પેઢી) ના ભાગીદાર શ્રીજી સ્પેસલીંકસ પ્રા.લી.ના ડીરેકટર શ્રી રૂપારેલીયા ધવલકુમાર હર્ષકાન્તભાઇ | ભાયલી-૧ | ૧૦૭ ૧૮૫૭ચો.મી. | રહેણાંક | ૩૫,૪૪૨.૦૦ | ૩૫,૪૪૪.૦૦ | ૩૫,૪૪૪.૦૦ | ૬,૫૮,૧૯,૫૦૮.૦૦ |
| ૬ | શ્રી પ્રદિપકુમાર તારાચંદ મિત્તલ | ભાયલી-૧ | ૧૧૫ ૩૪૯૯ ચો.મી. | રહેણાંક | ૪૦,૨૦૩.૦૦ | ૪૦,૨૧૮.૦૦ | ૪૦,૨૧૮.૦૦ | ૧૪,૦૭,૨૨,૭૮૨.૦૦ |
| ૭ | ફોર્ચ્યુન કોર્પોરેશન ના વ.ક.શ્રી ઇશ્વરભાઇ ગાડાલાલ સુથાર એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૧ | ૧૧૮ ૫૬૦૧ ચો.મી. | વાણિજય | ૩૮,૪૦૪.૦૦ | ૩૮,૪૧૦.૦૦ | ૩૮,૯૫૦.૦૦ | ૨૧,૮૧,૫૮,૯૫૦.૦૦ |
| ૮ | કાબીલ બિલ્ડકોન સોલ્યુશનપ્રા.લી. વ.ક. શ્રી વિક્રમ કે. રાવલ ૧, શિવાંસુ બંગલોક, અર્જુન હાઇટસ, વાસના રોડ, વડોદરા | ભાયલી-૧ | ૧૨૪ ૪૯૭૭ ચો.મી. | રહેણાંક | ૩૯,૧૮૫.૦૦ | ૩૯,૪૮૫.૦૦ | ૩૯,૪૮૫.૦૦ | ૧૯,૬૫,૧૬,૮૪૫.૦૦ |
| ૯ | શ્રી મીરુત એન. પટેલ ૧૧૦, ૧૧૧, સંતોષીનગર, નિઝામપુરા, વડોદારા. | ભાયલી-૨ | ૧૧૭ ૧૫૨૧ ચો.મી | વાણિજય | ૪૦,૫૪૧.૦૦ | ૪૧,૧૫૭.૧૩ | ૫૦૩૫૧.૦૦ | ૭,૬૫,૮૩,૮૭૧.૦૦ |
| ૧૦ | વીઝન ઇન્ફ્રા ના ભાગીદાર શ્રી પટેલ વિજયભાઇ બાબુભાઇ એ-૧/૧, વિઠ્ઠલેશ બંગલો, નર્મદા નગરી રોડ, ગોરવા, વડોદરા | ભાયલી-૨ | ૧૦૭ ૧૫૯૬ ચો.મી | વાણિજય | ૪૦,૭૬૮.૦૦ | ૪૦,૭૮૦.૦૦ | ૪૦,૮૦૫.૦૦ | ૬,૫૧,૨૪,૭૮૦.૦૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રી કસ્યપ ભાર્ગવરાય પંડયા | ભાયલી-૪ | ૮૩<br>૪૫૪ ચો.મી | રહેણાક | ૩૪,૮૦૭.૦૦ | ૩૫,૦૨૨.૦૨ | ૩૫,૦૨૨.૦૨ | ૧,૫૯,૦૦,૦૦૦.૦૦ |

**અધ્યક્ષ સ્થાનેથી**

મુધ્દા નંબર (૪) : કારેલીબાગ ખાતે આવેલ વુડા ભવન બિલ્ડીંગમાંના વુડા હસ્તકનાં ખાલી પડેલ ચોથો, પાંચમો અને છઠ્ઠો માળ વેચાણ/ભાડેથી આપવા બાબત.

કારેલીબાગ ખાતે નાગરવાડા ટી.પી. નં. ૯ ના એફ.પી. નં. ૧ પૈકીની ૨૬૫૩ ચો.મી. જમીનમાં વુડા ધ્વારા "વુડા ભવન" બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવેલ. જેમાં બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોર પર ફક્ત પાર્કિંગની સુવિધા રાખવામાં આવેલ છે. જ્યારે પ્રથમ થી નવમાં માળ ઉપર ઓફિસો બનાવેલ છે. તે પૈકી પ્રથમ તથા બીજા માળ ઉપર વુડાની કચેરી કાર્યરત છે. સદર બિલ્ડીંગનો ત્રીજો માળ આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાને, સાતમો માળ મે. અમસા હોલ્ડીંગ પ્રા. લી. ને, આઠમો માળ મે. સયાજી ગ્રીન માર્બલ પ્રા. લી. ને તથા નવમો માળ મે. સુમન માર્બલ પ્રા. લી. ને વેચાણ થી વર્ષ ૨૦૦૭ દરમ્યાન આપવામાં આવેલ છે. જ્યારે ચોથો-પાંચમો અને છઠ્ઠો માળ ભારત સરકાર હસ્તકની અર્ધ સરકારી સંસ્થા "પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા" ને ભાડેથી આપવામાં આવેલ. જે વેમાલી ખાતે તેઓની ઓફિસો માટે નવા મકાનનું બાંધકામ કરવામાં આવતા ઉપરોક્ત ત્રણે માળો ઓક્ટોબર/નવેમ્બર ૨૦૧૫ માં ખાલી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ત્રણે માળો વેચાણથી/ભાડેથી આપવા બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૨૬ તા. ૧૦/૦૩/૨૦૧૬ માં રજુ કરવામાં આવતા, તેમાં થયેલ ઠરાવ નં. ૨૨૯૭ થી ઠરાવ્યા અનુસાર ખાલી પડેલ ત્રણે માળો રૂ. ૧,૬૩,૮૨૦/- (રૂ. ૨૬૧.૨૮ પ્રતિ ચો. મી.) થી ભાડે આપવાનો સર્વાનુમતે નિર્ણય થયેલ. વુડા ધ્વારા અવાર-નવાર વર્તમાન પત્રમાં તથા એફ.એમ રેડીઓ પર જાહેરાત કરવા છતા, ઉપરોક્ત એક પણ માળ ભાડે મેળવવા માટે માંગણી વુડાને મળેલ ન હતી.

તેથી ઉપરોક્ત ત્રણે માળો પૈકી એક માળ સુભાનપુરા ખાતે વુડાની માલીકીનાં "વુડા એવન્યુ" માં નગર રચના અધિકારીશ્રીઓની બેસતી બે ઓફિસો તથા સરકારશ્રી ધ્વારા નિયુક્તિ પામેલ ફાયર ઓફિસરશ્રી અને તેના સ્ટાફ માટે જગ્યા ફાળવવા બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ માં રજુ કરવામાં આવતા, તેમાં થયેલ ઠરાવ નં. ૨૪૨૨ થી ઠરાવ્યા અનુસાર ખાલી પડેલ ત્રણે માળો પૈકી એક માળ નગર રચના અધિકારીશ્રીની બે કચેરી તથા ફાયર ઓફિસરને એક માળ ફાળવવાનો તેમજ વુડા એવન્યુ બિલ્ડીંગનાં પ્રથમ માળ પર આવેલ બન્ને નગર રચના અધિકારીશ્રીની કચેરી વાળી ઓફિસોનું વેચાણ કરવાનું સર્વાનુમતે નિર્ણય થયેલ છે. જેથી બે નગર રચના અધિકારીશ્રીઓને તથા ફાયર ઓફિસરને એક માળ ફાળવવાની કાર્યવાહી હેઠળ છે.

આ ઉપરાંત બાકી રહેતા બે માળ માટે નીચે મુજબની વિગતો/ માંગણી આવેલ છે.

(૧) વુડાની કામગીરીનાં પ્રમાણમાં સ્ટાફ ઘણોજ ઓછો હોય, સરકારશ્રીમાં જરૂરીયાત મુજબના સ્ટાફની ફાળવણી કરવા માટે અત્રેથી વિનંતી કરવામાં આવેલ છે. ભવિષ્યમાં આ સ્ટાફ ફાળવવામાં આવેથી, વુડા ભવન બિલ્ડીંગમાંનાં પ્રથમ અને બીજા માળ પરની જગ્યા ઘણી જ ઓછી પડે તેમ છે. જેથી વુડાની વહીવટી કામગીરી માટે એક માળ વુડા માટે ઉપલબ્ધ રાખવો જ જરૂરી છે.

(૨) વેચાણથી ખરીદીને ત્રીજા માળે બેસતા "આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા" ધ્વારા તેમના પત્રાંક નં. ૨૯/૩/૨૦૧૪-૧૫- એડમીન-સ્ટોર/ ૪૭૨ તા. ૨૪-૦૮-૨૦૧૭ થી ચોથો માળ ખરીદવા પુન: માંગણી કરેલ છે. તો વુડા ધ્વારા સરકાર માન્ય વેલ્યુઅર પાસે કરાવેલ અપસેટ કિંમત રૂ. ૨,૩૫,૦૦,૦૦૦/- થી "આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા" ને વેચાણથી આપવો કે કેમ?

(૩) સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા (સ્પીપા) ધ્વારા તેમની સંસ્થાનું વડોદરા ખાતેનું જુનુ બિલ્ડીંગ ડીમોલીશ કરી દીધેલ છે. અને તેઓના બોર્ડ ધ્વારા લેવાયેલ નિર્ણય મુજબ નવા બિલ્ડીંગનું બાંધકામ

હાલ કરવાનું રહેતુ ન હોય તેના બાંધકામની કામગીરી બંધ કરેલ છે. જેથી સદર કચેરી છેલ્લા બે વર્ષથી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કેમ્પસ, વડોદરા ના હોસ્ટેલ બિલ્ડીંગમાં કાર્યરત છે અને માર્ચ-૨૦૧૭માં સમય મર્યાદા પુર્ણ થયેલ હોય તે સ્થળ ખાલી કરવાનું રહેતુ હોય, વુડા ભવન બિલ્ડીંગનો ચોથો,પાંચમો અને છઠ્ઠા માળ પૈકી બે માળ પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરાને ઉપલબ્ધ કરાવવા માટેની તેઓની તા. ૧૫/૦૭/૨૦૧૭ ની માંગણી, શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગને કરવામાં આવતા, શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ ધ્વારા તેમના તા. ૧૯/૦૮/૨૦૧૭ ના પત્ર ધ્વારા અત્રે નિયમોનુંસારની કાર્યવાહી કરવા અત્રે જણાવેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબ ત્રણ માળ પૈકી એક માળ સુભાનપુરા ખાતેના નગર રચના અધિકારીશ્રીઓ તથા ફાયર ઓફિસર માટે ફાળવેલ હોય, બાકી બે માળ માટે ઉપરોક્ત મુદ્દા (૧) થી (૩) વચ્ચે ફાળવણી બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે તેને ગ્રાહ્ય રાખી, સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૪૯):**

(૧) ત્રણ માળ પૈકી (ચોથા માળ સિવાયનો) એક માળ સુભાનપુરા ખાતે વુડાની માલીકીનાં “વુડા એવન્યુ” માં નગર રચના અધિકારીશ્રીઓની બેસતી બે ઓફિસો તથા સરકારશ્રી ધ્વારા નિયુક્તિ પામેલ ફાયર ઓફિસરશ્રી અને તેના સ્ટાફ માટે જગ્યા ફાળવવાના અગાઉની વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ માં ઠરાવ નં. ૨૪૨૨ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૨) ભવિષ્યમાં સરકારશ્રીમાંથી વુડાને માંગણી કર્યા અનુંસાર સ્ટાફ ફાળવ્યેથી, બીજા માળ પરની જગ્યા ઘણીજ ઓછી પડે તેમ હોય, ત્રણ માળ પૈકીના (ચોથા માળ સિવાયનો) એક માળ વુડાના સ્ટાફ માટે ફાળવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) બાકી રહેતા બે માળ પૈકીનો એક માળ “આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા”ને, તેમના પત્રાંક નં. ૨૯/૩/૨૦૧૪-૧૫- એડમીન-સ્ટોર/ ૪૭૨ તા. ૨૪-૦૮-૨૦૧૭ ની માંગણી અનુસાર વુડા ભવનમાં ચોથો માળ, સરકાર માન્ય વેલ્યુઅરે નક્કી કરી આપેલ અપસેટ કિંમત રૂ. ૨,૩૫,૦૦,૦૦૦/- થી વેચાણ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત (૧) થી (૩) અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

મુધ્દા નંબર (૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ નગર રચના યોજનાઓના તથા અન્ય રસ્તાઓના મેન્ટેનન્સ ની કામગીરી અંગે વેમાલી, ભાયલી, સેવાસી તથા ઉંડેરા ખાતે કાર્પેટ રોડના મેન્ટનન્સ ઉપરાંત અન્ય મેન્ટેનન્સના મંજુર થયેલ કામગીરી તથા તે અંગે થયેલ ખર્ચની બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત સરકારશ્રી ધ્વારા જે નગર રચના યોજનાઓ મંજુર કરેલ / પ્રારંભીક મંજુર થયેલ અથવા તો ડ્રાફ્ટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં મોટાભાગની નગરરચના યોજનાઓમાં ટી.પી.ના રસ્તાને કાર્પેટના રસ્તા કરવાની કામગીરી પુર્ણ થયેલ અથવા પુર્ણ થવા આવી રહેલ છે. વુડા ધ્વારા નગર રચના યોજનાઓમાં અમલીકરણની કામગીરી વર્ષ ૨૦૦૮ થી શરૂ કરવામાં આવેલ હતી. જેમાં શરૂઆતના તબકકામાં વેમાલી ટી.પી.-૧, બીલ ટી.પી.-૧, ભાયલી ટી.પી.-૧ માં રોડના પઝેશનો મેળવી કામગીરી શરૂ કરેલ હતી.ત્યારબાદ તબકકાવાર મંજુર થયેલ દરેક નગર રચના યોજનાઓ જેવી કે સેવાસી ટી.પી.-૧, ભાયલી ટી.પી.-૨, ભાયલી ટી.પી.-૩, ભાયલી ટી.પી.-૪, સેવાસી-ખાનપુર ટી.પી.-૧, ખાનપુર-અંકોડીયા ટી.પી.-૨ ની કામગીરી કરવામાં આવેલ. જયારે હાલમાં ડ્રાફ્ટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજના સેવાસી ટી.પી.-૨ અને સેવાસી ટી.પી.-૩ ના રોડની કામગીરી પ્રગતી/પુર્ણ થયેલ છે. વુડા ધ્વારા અમલીકરણના ભાગરૂપે વેમાલી ખાતે તથા સેવાસી-ભાયલી ખાતે ડ્રેનેજની કામગીરી પણ ચાલુ છે. જેમાં શરૂઆતના તબકકામાં જે ટી.પી. સ્કીમોમાં રોડની કામગીરી પુર્ણ કરેલ તેમાં રોડની સાઈડમાં ડ્રેનેજની કામગીરી શરૂ કરેલ છે. જેના કારણે રોડની સપાટીને નુકશાન થયેલ, આ ઉપરાંત ઉંડેરા ખાતે વુડા ધ્વારા ડ્રેનેજની કામગીરી કરવામાં આવેલ તેમાં પણ મુખ્ય રોડની સપાટી ડેમેજ થયેલ અને ચોમાસા દરમ્યાન વરસાદમાં આ રોડ વધુ ડેમેજ થાય તેમ હતો. તે સંજોગોમાં આવા રોડોના મેન્ટેનન્સની કામગીરી કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડબેઠક નં.૨૨૭ મુધ્દાનં. ૨૫ મુજબ રજુ કરાતા (તા.૨૮/૦૬/૨૦૧૬) તેના ઠરાવ ક્રમાંક ૨૩૩૦ માં મળેલ મંજુરી મુજબ ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવી ઈજારદાર નકકી કરવામાં આવેલ. જેમાં ભાયલી ખાતે ૨૪ મી. મુખ્યરોડ પર નાખવામાં આવેલ ડ્રેનેજ લાઈનના કારણે, ભાયલી ટી.પી.૩ માં કેનાલ પહેલાના રોડમાં ડ્રેનેજલાઈન નાખવાના કારણે રોડ ડેમેજ થયેલ, તથા ઉંડેરા, ગોરવા મુખ્ય માર્ગ અને વેમાલી ખાતે જુની ટી.પી.૧ માં ડ્રેનેજ લાઈન નાખવાના કારણે રોડ ડેમેજ થયેલ, જેમાં અગાઉ બનાવેલ સૌપ્રથમ ટી.પી.સ્કીમમાં રોડની પહોળાઈ નાની હોવાથી હાલમાં ટી.પી. સ્કીમમાં રાખવામાં આવતી પહોળાઈ મુજબ રોડ પહોળા કરી તેમાં રીકાર્પેટીંગ / મેન્ટેનન્સની કામગીરી નીચે જણાવ્યા મુજબ કરાવેલ છે.

| Sr No. | Name of Work | Sanction Amt in Borad Meeting (Rs. In Lakhs) | Board Reso. No. Meeting No. | Tender Cost (Rs. In Lakhs) | Payment Done (Rs. In Lakhs) | Saving/ Excess (-)(Rs. In Lakhs) | Remaining Tentive Payment (Rs. In Lakhs) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Construction of remaining carpet roads from nilamber bellismo of bhayli TP scheme No 1 to akshar pavillion to priya talkies at vadodara (D.W.O. No 1) | 235.00 | 2373 229(5) Dtd.20-10-16 | 218.27 | 211.47 | 6.79 | - |
| 2 | Repairing of Damaged carpet road due to laying of drainage line from reliance petrol pump near petrofills to gorva canal station (D.W.O. No 2) | 155.00 | 2373 229(5) Dtd.20-10-16 | 143.08 | 141.01 | 2.07 | - |
| 3 | Providing & Laying vitrified tiles flooring of VUDA office at Karelibaug vadodara (D.W.O. No 3) | 19.92 | 2303/ 2403 226(20)/231(12) Dtd.10-03-16/ 30-03-17 | 16.34 | 18.99 | -2.65 | (Excess Approved vide Resolution No. 2403) |
| 4 | Widening,Strengthening and repairing carpet road for vemali TP Scheme No 1 at Vemali (D.W.O. No 4) | 684.00 | 2373 229(5) Dtd.20-10-16 | 634.24 | 484.23 | 80.01 | To Pay 70 |
| 5 | Repairing of Damaged carpet road due to laying of drainage line from VMSS limit near Vasna Bhayali village gate(D.W.O. No 5) | 292.00 | 2373 229(5) Dtd.20-10-16 | 270.72 | 265.92 | 4.8 | - |
| 6 | Repairing of Damaged Carpet road due to laying of drainge line of Bhayali T.P Scheme No. 3(Bhayali) (D.W.O. No 6) | 103.00 | 2373/ 2403 229(5)/231(12) Dtd.20-10-16/ 30-03-17 | 92.85 | 93.45 | -0.60 | (Excess Approved vide Resolution No. 2403) |
| 7 | Carpet road from Bhayali TP scheme No 3 to Towards non TP side of RRZ at Bhayali(D.W.O. No 7) | 20.00 | 2373 229(5) Dtd.20-10-16 | 17.66 | 17.57 | 0.09 | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8 | Repairing of Existing carpet road due to laying of drainage line in Bhayali TP 1 (D.W.O No.09) | 516.00 | 2389/ 2403<br>230(05)/231(12)<br>Dtd.09-12-16/<br>30-03-17 | 478.82 | 426.46 | - | To Pay 60 (7.18 Lakh Excess Approved vide Resolution No. 2403) |
| 9 | Repairing of Existing carpet road due to laying of drinage line in bhayali TP no 2( D.W.O. No 10) | 491.00 | 2389/ 2403<br>230(05)/231(12)<br>Dtd.09-12-16/<br>30-03-17 | 455.99 | 446.63 | - | To Pay 50 (39.01 Lakh Excess Approved vide Resolution No. 2403) |
| 10 | Repairing of Existing carpet road due to laying of drainage line in Bhyali TP scheme no 4 (D.W.O No 11) | 726.00 | 2389<br>230(5)<br>Dtd.09-12-16 | 674.35 | 547.39 | 36.96 | To Pay 90 |
| 11 | Repairing of existing carpet road due to laying of drainange line in Bhayali TP scheme No 03 (D.W. No 12) | 622.00 | 2389<br>230(5)<br>Dtd.09-12-16 | 577.27 | 436.11 | 31.16 | To Pay 110 |
| 12 | Maintance Work various road of Sevasi T.P. Scheme No. 1 and No.2 at Vadodara( D.W.O No.13) | 113.04 | 2403<br>231(12)<br>Dtd.30-03-17 | 106.18 | 105.97 | 0.21 | - |
| 13 | Cleaning grabbing,levelling and earth filling work TP Scheme 3 Bhyali (D.W.O.No 14) | 3.43 | 2403<br>231(12)<br>Dtd.30-03-17 | 3.34 | 3.27 | 0.07 | - |
| 14 | Construction of Cartpet Road at Sevasi TP Scheme No 2 (Original) | 755.91 | 2247/ 2402<br>224(15)/231(11)<br>Dtd.03-06-15/<br>30-03-17 | 755.91 | 732.55 | 23.36 | - |
| 15 | Providing & Laying paver block at vuda office at karelibaug vadodara. | 4.99 | 2303<br>226(20)<br>Dtd.10-03-16 | 4.95 | 4.88 | 0.07 | - |

ઉપરોક્ત વિગતો જોતા ડ્રેનેજ લાઈનના કારણે રસ્તાઓ ડેમેજ થવાની વ્યાપક પ્રમાણમાં ફરીયાદો આવેલ હતી, તે તેમજ અન્ય ઉપર ટેબલમાં જણાવેલ મરામતના/ટી.પી. સ્કીમના નવા કામોને વુડા બોર્ડ બેઠકમાં જણાવેલ કારણોસર, મંજુર કરેલ કામો, ઉપરોક્ત દર્શાવેલ વિગતોએ કરાવવી પડે તેમ હોવાના કારણે, કામગીરી ઈજારદાર પાસે શરૂ કરાવેલ અને પૂર્ણ થયેલ છે. જેથી ક્રમ નં. ૧ થી ૧૫ મુજબ કરાવેલ કામગીરીને બહાલી આપવા તથા તે અંગે થયેલ/થનાર ખર્ચની મંજુરી અંગેનો મુધ્દો વુડા બોર્ડના સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૪૫૦):** ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ વિગતો અનુસારના ક્રમ નં. ૧ થી ૧૫ મુજબ કરાવેલ કામોની કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે અંગે થયેલ/થનાર ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સર્વાનુમતે સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**